dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-08 | Issue-289 | AD-2025, Ashadh Vad-14 | Wednesday, Dt.23-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બિહારમાં વોટર લિસ્ટના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR)ના મુદ્દા પર વિપક્ષી સાંસદો દ્વારા પ્રદર્શન

## સંસદના ચોમાસુ સત્રના બીજા દિવસે પણ વિપક્ષનો હોબાળો : બંને ગૃહો સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૨૨

મંગળવારે સંસદના ચોમાસુ સત્રના બીજા દિવસે, લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે હોબાળો મચાવ્યો. વિપક્ષી સાંસદોની માંગ છે કે પહેલગામ હુમલો અને ઓપરેશન સિંદૂર જેવા મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા કરવામાં આવે. PMએ આનો જવાબ આપવો જોઈએ. બાદમાં લોકસભા-રાજયસભા આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી હતી. બિહારમાં વોટર લિસ્ટના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના મુદ્દા પર વિપક્ષી સાંસદો સંસદમાં પ્રદર્શન કરી રહ્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સપાના વડા અખિલેશ યાદવ સહિત ઘણા સાંસદોએ મકર દ્વાર પર સૂત્રોચ્ચાર કર્યા હતા. સોમવારે રાત્રે પોતાના પદ પરથી રાજીનામું આપનારા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ રાજ્યસભામાં આવ્યા નહીં. તેમના સ્થાને ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ સિંહે ગૃહની કાર્યવાહીમાં ભાગ લીધો હતો. ગૃહ શરૂ થતાં જ, વિપક્ષે પહેલગામ અને ઓપરેશન સિંદૂર પર રાજ્યસભા અને




લોકસભામાં હોબાળો શરૂ કરી દીધો. આ કારણે પહેલા બંને ગૃહો બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા હતા. સોમવારે પણ વિપક્ષે આ મુદ્દાઓ પર ચર્ચાની માંગણી સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજા દિવસની કાર્યવાહી પહેલા, સંસદ ભવનમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ અને વિદેશ પ્રધાન એસ જયશંકર વચ્ચે એક બેઠક યોજાઈ હતી. જેમાં કેન્દ્રીય પ્રધાન જેપી નડ્ડા સહિત અન્ય પ્રધાનોએ પણ હાજરી આપી હતી. તેમજ, I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ પણ એક બેઠક યોજી હતી. આ દરમિયાન, સોમવારે રાત્રે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું. તેમણે પોતાની નાદુરસ્ત તબિયતને તેનું કારણ ગણાવ્યું હતું. સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી ૨૧ ઓગસ્ટ સુધી ચાલશે, એટલે કે કુલ ૩૨ દિવસ. આ દરમિયાન, ૧૮ બેઠકો યોજાશે અને ૧૫થી વધુ બિલ રજૂ કરવામાં આવશે. સ્વતંત્રતા દિવસની ઉજવણીને કારણે, ૧૩-૧૪ ઓગસ્ટે સંસદની કોઈ કાર્યવાહી થશે નહીં. કેન્દ્ર સરકાર ચોમાસુ સત્રમાં ૮ નવા બિલ રજૂ કરશે, જ્યારે ૭ પેન્ડિંગ બિલો પર ચર્ચા થશે. આમાં મણિપુર GST સુધારા બિલ ૨૦૨૫, આવકવેરા બિલ, નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ જેવા બિલનો સમાવેશ થાય છે.

## જગદીપ ધનખડનું રાજીનામું મંજૂર : આરોગ્ય સિવાય બીજું કારણ હોવાનો વિપક્ષનો આક્ષેપ

નવીદિલ્હી,તા.૨૨

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું રાજીનામું મંજૂર કર્યું છે. તેમનું રાજીનામું આગળની કાર્યવાહી માટે ગૃહ મંત્રાલયને મોકલવામાં આવ્યું છે. મંગળવારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાજ્યસભાની કાર્યવાહીમાં હાજરી આપી નહોતી. જેડીયુના સાંસદ હરિવંશે સવારે ૧૧ વાગ્યે ઉપલા ગૃહની કાર્યવાહી શરૂ કરી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર,



એવું કહેવામાં આવી રહ્યું છે કે જગદીપ ઉપરાષ્ટ્રપતિપદ પરથી રાજીનામું પાછું ખેંચશે નહીં તેમજ તેઓ વિદાય સમારંભમાં પણ હાજરી આપશે નહીં. દેશના ૧૪મા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ૨૧ જુલાઈની રાત્રે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. ૭૪ વર્ષીય ધનખડનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીનો હતો. તેમણે ૧૦ જુલાઈના રોજ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે 'જો ભગવાન આશીર્વાદ આપશે તો હું ઓગસ્ટ ૨૦૨૭માં નિવૃત્ત થઈશ.' વિપક્ષ જગદીશ ધનખડના ઉપરાષ્ટ્રપતિપદ પરથી અચાનક રાજીનામા પર સવાલ ઉઠાવી રહ્યો છે. કોંગ્રેસના

**ઉપરાષ્ટ્રપતિપદ પરથી રાજીનામા બાદ વિદાય સમારંભમાં પણ હાજરી આપશે નહી**

મહાસચિવ જયરામ રમેશે એક પોસ્ટમાં કહ્યું, આ અણધાર્યા રાજીનામામાં દેખીતી વાત કરતાં ઘણું બધું છે. પીએમ મોદીએ ધનખડને પોતાનો વિચાર બદલવા માટે મનાવવા જોઈએ. આ રાષ્ટ્રીય હિતમાં રહેશે. ખાસ કરીને ખેડૂત સમુદાયને ઘણી રાહત મળશે.




## એપ્રિલ-જૂનમાં ભારતે ૯.૭૪ લાખ ટન ડીએપીની આયાત કરી રાજ્યસભામાં રસાયણ ખાતર રાજ્યમંત્રીએ માહિતી આપી

નવીદિલ્હી,તા.૨૨

દેશની સ્થાનિક માંગને પહોંચી વળવા માટે ભારતે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં લગભગ ૯.૭૪ લાખ ટન ડાય-એમોનિયમ ફોસ્ફેટ (ડીએપી) ની આયાત કરી છે. મંગળવારે રાજ્યસભામાં રસાયણ અને ખાતર રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે આ માહિતી આપી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર અનુસાર, એપ્રિલમાં ૨.૮૯ લાખ ટન, મેમાં ૨.૩૬ લાખ ટન અને જૂનમાં ૪.૪૯ લાખ ટન ડીએપીની આયાત કરવામાં આવી હતી. સરકારી આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ડીએપીની આયાત ૪૫.૬૯ લાખ ટન રહી હતી, જ્યારે ૨૦૨૩-૨૪માં તે ૫૫.૬૭ લાખ ટન,



૨૦૨૨-૨૩માં ૬૫.૮૩ લાખ ટન, ૨૦૨૧-૨૨માં ૫૪.૬૨ લાખ ટન અને ૨૦૨૦-૨૧માં ૪૮.૮૨ લાખ ટન હતી. રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે સરકાર ખરીફ ૨૦૨૫ ની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પૂરતા પ્રમાણમાં ખાતરની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી રહી છે. આ ખરીફ સિઝન માટે ખાતરની માંગ ગયા વર્ષ કરતાં થોડી વધારે છે, કારણ કે પાક માટે વાવેલા વિસ્તારમાં વધારો થયો છે અને ચોમાસું અનુકૂળ રહ્યું છે. પટેલે જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૧૦ થી, કેન્દ્ર સરકારે ફોસ્ફેટિક અને પોટાશ ખાતર માટે પોષક તત્વો આધારિત સબસિડી નીતિ લાગુ કરી છે. આ નીતિ હેઠળ, પોષક તત્વોની માત્રાના આધારે સબસિડી નક્કી કરવામાં આવે છે અને આ ખાતર ઓપન જનરલ લાઈસન્સ હેઠળ આવે છે, જેથી કંપનીઓ તેમના વ્યવસાય અનુસાર આયાત કરી શકે. તેમણે કહ્યું કે દેશમાં ખાતરની માંગ અને ઉત્પાદન વચ્ચેનો તફાવત આયાત દ્વારા પૂરો થાય છે. ભૂ-રાજકીય કારણોસર પુરવઠા શૃંખલામાં વિક્ષેપ ટાળવા માટે, ખાતર કંપનીઓએ DAP ઉત્પાદક દેશો સાથે લાંબા ગાળાના કરાર કર્યા છે જેથી સતત પુરવઠો જાળવી શકાય. ખાતરની આયાતમાં યુરિયાનો પણ મહત્વપૂર્ણ હિસ્સો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં યુરિયાની આયાત ૫૬.૪૭ લાખ ટન, ૨૦૨૩-૨૪માં ૭૦.૪૨ લાખ ટન, ૨૦૨૨-૨૩માં ૭૫.૮૦ લાખ ટન, ૨૦૨૧-૨૨માં ૯૧.૩૬ લાખ ટન અને ૨૦૨૦-૨૧માં ૯૮.૨૮ લાખ ટન રહી હતી.

## મુંબઈ ટ્રેન બ્લાસ્ટ : મહારાષ્ટ્ર સરકારે આરોપીઓની મુક્તિને સુપ્રીમ કોર્ટમાં પડકારી

મુંબઈ,તા.૨૨

૨૦૦૬ના મુંબઈ ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ ૨૪ જુલાઈએ આ કેસની સુનાવણી કરશે. હકીકતમાં, હાઈકોર્ટે ૨૦૦૬ના મુંબઈ ટ્રેન બોમ્બ વિસ્ફોટ કેસમાં તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. મહારાષ્ટ્ર સરકારે આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટે ૨૪ જુલાઈએ તેની સુનાવણી કરવા સંમતિ આપી છે. ચીફ જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ કે વિનોદ ચંદ્રન અને જસ્ટિસ એનવી અંજારિયાની બેન્ચે ગુરુવાર માટે આ કેસની યાદી બનાવી છે. અગાઉ, મહારાષ્ટ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી અને કહ્યું હતું કે તેની ટૂંક સમયમાં સુનાવણી કરવી જરૂરી છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું - આ એક તાત્કાલિક બાબત છે, ખૂબ જ મહત્વપૂર્ણ બાબત છે, તેમાં ઝડપી સુનાવણી થવી જોઈએ. આના પર, મુખ્ય ન્યાયાધીશ ગવઈએ કહ્યું - પરંતુ અમે અખબારોમાં વાંચ્યું છે કે લગભગ તમામ દોષિતોને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે! સોલિસિટર જનરલ: આ ઠીક છે, પરંતુ કેટલાક મુદ્દાઓ છે જેના પર આપણે વિચાર કરવાની જરૂર છે. મુખ્ય ન્યાયાધીશ: ઠીક છે, અમે ગુરુવારે સુનાવણી કરીશું.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૩-૦૭-૨૦૨૫

# બગસરામાં ધારાસભ્યની ગ્રાન્ટ તાંત્રિક મંજૂરીમાં ફસાતા વિકાસના કામ અધુરા

બગસરા,તા.૨૨

બગસરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં અનેક વિકાસના કામો માટે ધારાસભ્ય દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે પરંતુ તાંત્રિક મંજૂરી ન મળતા આ વિકાસના કામો થઈ શકતા ન હોવાથી લોકો લાભથી વંચિત રહે છે. આ બાબતે ધારાસભ્યને રજૂઆત કરતા તેમણે મારી જવાબદારી નથી કહી હાથ ખંખેરી લીધા હતા. બગસરાના નટવરનગર વિસ્તારના સ્મશાન માટે એક વર્ષ અગાઉ ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા પાંચ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. એક વર્ષ વિતવા છતાં કોઈ કામગીરી ન થતા વિસ્તારના લોકોએ આ બાબતે ધારાસભ્યને પૂછવામાં આવતા ધારાસભ્યએ તેમણે ગ્રાન્ટની ફાળવણી કરી દીધી છે, હવે આગળ મારી જવાબદારી નથી કહી હાથ ખંખેરી નાખ્યા હતા, હકીકતમાં ગ્રાન્ટનો પત્ર આપ્યા બાદ તાંત્રિક મંજૂરી મળ્યા પછી કામ આગળ વધતું હોય છે. લોકોને ફાળવેલા પૈસા લોકો સુધી પહોંચ્યા કે કેમ તે જોવાની જવાબદારીમાંથી પણ રાજકીય આગેવાનો છટકી રહ્યા છે, તે જોઈ લોકોને નિરાશા મળી હતી. પદાધિકારીઓના આવા વલણને કારણે જ અધિકારીઓ વિકાસના કામોને તાંત્રિક મંજૂરી આપવામાં ઝડપ કરતા નથી. ધારાસભ્ય દ્વારા ફાળવેલી ગ્રાન્ટથી તાત્કાલિક વિકાસ કામો થાય તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

**કચરો ઉપાડવા માટે પણ કોઈ આવતું નથી તેવી ફરિયાદ**

# લીલીયા મોટામાં ગટરનું પાણી ઊભરાવા અને સ્વચ્છતા મુદ્દે ટીડીઓને રજૂઆત

**ભૂગર્ભ ગટરની કુંડી સાફ નહીં થતી હોવાથી મચ્છરનો ઉપદ્રવ વધ્યો**

લીલીયા, તા.૨૨

લીલીયા મોટામાં બસ સ્ટેન્ડ પાસેના ભગવતી પ્રેસ અને કૃષ્ણ ટેઈલર, ભરવાડ શેરી પાસેના વિસ્તારમાં ઘણા મહિનાઓથી ભૂગર્ભ ગટરનું પાણી ઊભરાઈને રોડ ઉપર નીકળતા સ્થાનિક રહિશો પરેશાન થઈ રહ્યા છે. આ ઉપરાંત ટ્રેક્ટર દ્વારા કચરો ઉપાડવા માટે પણ આ વિસ્તારમાં કોઈ આવતું નથી તેવી ફરિયાદ છે. આ અંગે તેમણે સરપંચ, તલાટી-મંત્રી, ટી.ડી.ઓ.ને રૂબરૂમાં અને લેખિતમાં અનેકવાર રજૂઆત કરી છે. પરંતુ કોઈ પરિણામ આવતું નથી. ભૂગર્ભ ગટરની કુંડી પણ સાફ નહીં થતી હોવાથી મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે અને બીમારીનું જોખમ રહે છે. આ સમસ્યાથી કંટાળીને રહિશોએ ટીડીઓને પત્ર લખીને યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. રહિશોએ આ ઉપરાંત ગ્રામ પંચાયત કચેરી, ગાંધીનગરમાં મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને શહેર વિકાસ વિભાગને પણ રજુઆત કરી છે.

# સાવરકુંડલામાં આજે સ્વ. જયસુખભાઈ એન. નાકરાણી માર્ગનું નામાકરણ થશે

અમરેલી,તા.૨૨

સાવરકુંડલા શહેરના સેવાભાવી આગેવાન અને નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ સ્વ. જયસુખભાઈ એન. નાકરાણીએ આપેલી સેવાઓને ધ્યાને લઈ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા તેમની સેવાઓ અને તેમની બીજી પુણ્યતિથિએ તેમના મરણોત્તર સન્માન નિમિત્તે સ્વ. જયસુખભાઈ એન. નાકરાણી માર્ગનું નામાકરણનો કાર્યક્રમ રાખેલ હોય સાથોસાથ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે સાવરકુંડલા શહેર તેમજ તાલુકાની જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અધ્યક્ષ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા રહેશે તેમજ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને તમામ સદસ્યો રહેશે. આજે બુધવારે પીપર વડી રેલવે ફાટક પાસે શિવાજી નગર સાંજના ૪ કલાકે આ કાર્યક્રમ યોજાશે.

# સા.કુંડલામાં સદસ્યા પતિ દ્વારા સ્મશાનમાંથી બ્લોકની ચોરીનો પ્રયાસ

સાવરકુંડલા,તા.૨૨


તસવીર : સૌરભ દોશી

**ગુસ્સે ભરાયેલા લોકો અને મહિલાઓ સાવરકુંડલા ટાઉન પોલીસ મથકે દોડી ગયા**

સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણના સદસ્ય હંસાબેન રાનેરાના પતિ કમલેશ રાનેરા દ્વારા ટ્રેક્ટર નંબર GJ ૦૨ ૩૦૭૨ લાવીને સ્મશાનના ગેટ ખોલીને પેવિંગ બ્લોક લઈ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્મશાન પાસે હાજર પંકજભાઈ બેરડીયા અને મનુભાઈ કેશાભાઈએ ટ્રેક્ટર જોઈને તપાસ કરતાં ડ્રાઈવરે જણાવ્યું કે તેઓ જૂના બ્લોક ભરવા આવ્યા છે. આ માહિતી મળતાં આસપાસના રહીશો અને મહિલાઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. તેમણે કમલેશ રાનેરાને પૂછતાં તેમણે જણાવ્યું કે બ્લોક ચરખડિયા લઈ જવામાં આવી રહ્યા છે અને "આ સ્મશાન મારા બાપનું છે, તમે કોણ મને પૂછવાવાળા?" તેમ કહીને સરકારી મિલકતની ચોરીનો પ્રયાસ કર્યો હતો. રહીશોએ મંજૂરી બાબતે પૂછતાં તેમણે કોઈ મંજૂરી ન લીધી હોવાનું જણાવ્યું અને "આ બ્લોક મને સારું લાગે ત્યાં લઈ જઈશ" તેમ કહ્યું. આથી, ગુસ્સે ભરાયેલા લોકો અને મહિલાઓનું ટોળું મોડી રાત્રે સાવરકુંડલા ટાઉન પોલીસ મથકે દોડી ગયું હતું અને રાજુભાઈ વિનુભાઈ ચૌહાણે કમલેશ રાનેરા સામે કાયદેસરની કાર્યવાહી કરવા લેખિત ફરિયાદ આપી હતી.




**મંડળીના વકીલ પી.ડી. દાંતી અને વિશાલ માળવીની દલીલો કોર્ટે સ્વીકારી**

# બગસરાની સરદાર પટેલ શરાફી સહકારી મંડળીના ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની સજા

**મંડળીના મંત્રી જયદીપભાઈ બાલુભાઈ હિરપરાએ ફરિયાદ દાખલ કરી હતી**

બગસરા,તા.૨૨





બગસરાની શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળીમાંથી જિજ્ઞેશભાઈ રમેશભાઈ સતાણી (રહે. નવા પીપળીયા તા. બગસરા) એ રૂ. ૨,૦૦,૦૦૦/- ની લોન લીધી હતી. જે લોન પેટે ચડત રકમ ભરપાઈ કરવા માટે મંડળીને ચેક તા.૧૮/૦૯/૨૦૨૪ ના રોજ લખી આપેલ હતો. આ ચેક બેંકમાં વટાવવા નાખતા અપૂરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ હતો. જેથી ફરિયાદી મંડળીના વકીલ મારફત આરોપીને નોટીસ આપવામાં આવેલ તેમ છતાં આરોપીએ મંડળીને લેણી રકમ ન ચુકવતા મંડળીના મંત્રી જયદીપભાઈ બાલુભાઈ હિરપરાએ ફરિયાદ દાખલ કરી હતી. આ કેસમાં મંડળીના વકીલ પી.ડી. દાંતી (ગઢવી) અને વિશાલ માળવીની દલીલો બગસરાની કોર્ટે સ્વીકારી લેતા આરોપીને છ માસની સજા અને ચેકની રકમ ચુકવવા હુકમ કરેલ છે.




## એમ.સી.રાજયગુરૂ, તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૮૨/૨૦૨૫ — તા.૩૦/૦૬/૨૦૨૫

વિવાદી :- લાલો મનજીભાઈ અલવાડીયા
ઠે.કોળીવાડો, દામનગર, તા.લાઠી જી.અમરેલી મો.૯૦૧૬૨૪૯૪૮૦
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલિકા સામે, લાઠી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના દાદીશ્રી વાલીબેન રૂપાભાઈ અલવાડીયાનું અવસાન તા.૧૩/૦૪/૨૦૧૦ ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૩/૦૬/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**




## એમ.સી.રાજયગુરૂ, તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૭૦/૨૦૨૫ — તા.૩૦/૦૬/૨૦૨૫

વિવાદી :- ગોબરભાઈ રામભાઈ સિંધવ
ઠે.કાંચરડી, તા.લાઠી જી.અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે.મહેતા
ઠે.નગરપાલિકા સામે, લાઠી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કાંચરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના (૧)મોટા દાદા શ્રી નારણભાઈ ગંગદાસભાઈ સિંધવનું અવસાન તા.૨૩/૦૭/૧૯૬૫ (૨) કાકાશ્રી ડાયાભાઈ રાજાભાઈ સિંધવનું અવસાન તા.૧૭/૦૪/૧૯૭૦ (૩) મોટા દાદીમાશ્રી સજુબેન નારણભાઈ સિંધવનું અવસાન તા.૧૨/૧૧/૧૯૭૫ (૪) દાદીશ્રી નાનીબેન રાજાભાઈ સિંધવનું અવસાન તા.૦૬/૦૮/૧૯૭૫ (૫) દાદાશ્રી રાજાભાઈ ગંગદાસભાઈ સિંધવનું અવસાન તા.૧૬/૦૪/૧૯૮૦ તથા (૬) તેમના માતાશ્રી જડીબેન રામભાઈ સિંધવ તા.૦૮/૦૩/૨૦૧૪ ના રોજ કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૨/૦૬/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૮/૨૦૨૫ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૧૨૭/૨૦૨૫

અરજદાર :- શ્રી બાબુભાઈ જીવરાજભાઈ કરકર
રહે. મોટા આંકડીયા, તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં બાબુભાઈ જીવરાજભાઈ કરકર તેઓના માતૃશ્રી મણીબેન જીવરાજભાઈ કરકરની મરણ (તા.૧૦/૧૦/૧૯૬૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## એમ.સી.રાજયગુરૂ, તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૭૪/૨૦૨૫ — તા.૩૦/૦૬/૨૦૨૫

વિવાદી :- રાકેશભાઈ જીતેન્દ્રભાઈ તડવી
ઠે.દામનગર, તા.લાઠી જી.અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલિકા સામે, લાઠી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રી મેશ્વા રાકેશભાઈ તડવી નો જન્મ તા.૧૯/૧૨/૨૦૧૮ ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૬/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

અરજદારના વકીલશ્રી : એ.બી.શિયાળ

**-:: જાહેર નોટીસ ::-**

## રાજુલાના મહેરબાન સેકન્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, મુકામ :- રાજુલા

રેગ્યુ. દિવાની પરચુરણ અરજી નં. :૬૬/૨૦૨૪
મુદત તારીખ : ૧૬/૦૯/૨૦૨૫

અરજદાર :- (૧) ખીમાબેન લખમણભાઈ હાડગરડા, ઉ.વ.૮૩
(૨) રૂડાભાઈ લખમણભાઈ હાડગરડા, ઉ.વ.૩૯
(૩) ભીમાભાઈ લખમણભાઈ હાડગરડા, ઉ.વ.૩૯
રહે.બધા લુણસાપુર, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા નં. (૨) : સુંદરબેન ભુરાભાઈ બારૈયા (ઉ.વ.૮૫)
રહે. જાફરાબાદ, તા.જાફરાબાદ, જી. અમરેલી

આથી ઉપર લખ્યા સામાવાળા નં.૨ ને કાયદાથી કરેલ નિયત પ્રક્રિયા અનુસાર તમોને નોટીસ બજાવવાના પુરતા પ્રયત્નો કરવા છતા નોટીસ બજતી ન હોય, આથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે, અરજદારે તમારી સામે રેગ્યુ, દિવાની પરચુરણ અરજી **નં.૬૬/૨૦૨૪** થી સમય મર્યાદા અધિનીયમ ની કલમ -૫ અન્વયે વિલંબ માફની અરજી કરેલ છે. તેમજ તમારા વિરૂધ્ધ અરજદારે એક ત્રાહીત પક્ષકાર તરીકે જુનો રેગ્યુ.દિવાની મુકદમા નંબર ૧૦૯/૨૦૧૭ ના ટ્રાયલ કોર્ટના હુકમનામુ અને ફાઈનલ હુકમ થયા બાદ અપીલ કરવામા વિલંબ થયેલ હોય જેથી સદર અપીલ સેકન્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ કરેલ છે. વાસ્તે આ ઉપરથી તમોને ફરમાવવાનુ કે, તમારા સઘળા લેખિત પુરાવા રજુ કરવાની મુદત **તારીખ : ૧૬/૦૯/૨૦૨૫** ઠરાવવામાં આવેલ છે. તો મુકરર કરેલ દિવસે તમારા સઘળા લેખિત પુરાવા અને બચાવના આધારસહ જાતે અગર માહિતગાર કરેલ વકીલ મારફત બિનચૂક હાજર રહેશો.

આ ઉપરથી તમોને જાહેર નોટીસ આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરી ગણી અરજી સાંભળી, તેનો નીકાલ કરવામાં આવશે. વળી તમોને એવી પણ નોટીસ આપવામાં આવે છે કે, મુકરર કરેલી તારીખે હાજર રહેવામાં કસુર કરશો તો તમારા બચાવ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તારીખ :૧૯ માહે. : ૦૭ સને.: ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી, | સહી, | | સહી, |
| (એ.કે.મેવાડા) | (એમ.બી.ડોડીયા) | | ઈન્ચાર્જ રજિસ્ટ્રાર |
| આસીસ્ટન્ટ | ઈ.ચા.સુપ્રિટેન્ડન્ટ | | સેકન્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજુલા |

**શાળા પ્રવેશોત્સવ કરતા નેતાઓ અને અધિકારીઓને શાળા ધ્યાનમાં ન આવતા રોષ**

# જાફરાબાદની કન્યાશાળા જર્જરિત, બાળાઓના માથે મોતનો ભય

જાફરાબાદ તા. ૨૨

જાફરાબાદમાં આવેલી કન્યાશાળા છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત હાલત હોવાથી બાળકોના માથે મોતનો ભય ફેલાયો છે. રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ યોજાઈ રહ્યો છે ત્યારે અધિકારીઓ અને નેતાઓની આંખે આ જર્જરિત હાલતમાં ઉભેલી આ શાળા ન દેખાતા વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. જાફરાબાદમાં આવેલી આ કન્યાશાળામાં અંદાજે ૪૦૦ થી વધુ દીકરીઓ અભ્યાસ કરી રહી છે જોકે આ શાળાની છતમાંથી પોપડા પણ પડી ગયા હોય અને સળિયા દેખાતા હોવાથી દીકરીઓ માથે મોત ભમી રહ્યું છે. આ બાબતે વાલીઓએ શિક્ષક અને પ્રિન્સિપાલ સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વેકેશન પછી આ શાળા બનાવવાની મંજૂરી આવી ગઈ છે પરંતુ વેકેશન ખુલ્યું તેને એક માસ કરતા પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી કોઈ કામગીરી કરવામાં આવી નથી. શાળાના જવાબદાર અધિકારીની બેદરકારીને કારણે દીકરીઓ પર મોત ભમતું હોવાનું લાગી રહ્યું છે.





તસવીર : બાબુભાઈ વાઢેળ

**ભયના ઓથાર નીચે ભણતી દીકરીઓ**

જાફરાબાદમાં આવેલી કન્યાશાળાની હાલત ગમે ત્યારે ધબાય નમ: થાય તેવી સંભાવના છે. શાળાના પીલોરમાં મસમોટી તિરાડો અને છતમાંથી પોપડા ગમે ત્યારે પડતા હોવાથી વિદ્યાર્થિનીઓ ભયના માહોલ નીચે ભણી રહી હોય તેમ વાલીઓએ જણાવ્યું હતું.

**શાળાનું રિપેરીંગ કામ તાત્કાલિક શરૂ થાય તેવી વાલીઓએ માંગ કરી**

જાફરાબાદની કન્યાશાળામાં ૪૦૦ થી વધુ દીકરીઓ ભયના ઓથાર નીચે ભણી રહી છે ત્યારે આ શાળાનું તાત્કાલિક સમારકામ કરવાની તાતી જરૂરિયાત હોવાનું વાલીઓએ જણાવ્યું હતું. જો શાળાનું સમારકામ નહીં કરવામાં આવે તો દીકરીઓને અન્ય શાળામાં બેસાડવાની ફરજ પડશે તેમ વાલીઓએ રોષ સાથે જણાવ્યું હતું.

**શાળા પ્રવેશોત્સવમાં આવતા નેતાઓ અને અધિકારીઓ ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં**

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે શાળા પ્રવેશોત્સવના નામે તાયફા કરવામાં આવે છે. શાળાની આવી હાલત હોવા છતાં શાળાનું રિપેરીંગ કામ હજુ સુધી કરવામાં આવ્યું નથી જેથી નેતાઓ અને જવાબદાર અધિકારીઓ સામે વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.

# સાવરકુંડલાના નેસડી ગામે નશાયુક્ત હાલતમાં ધાબા પરથી પટકાતાં પરપ્રાંતીય યુવકનું મોત

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં પોલીસ ચોપડે વધુ ત્રણ મૃત્યુના બનાવ નોંધાયા હતા. સાવરકુંડલાના નેસડી ગામે નશાયુક્ત હાલતમાં ધાબા પરથી પટકાતાં પરપ્રાંતીય યુવકનું મોત થયું હતું. જ્યારે હાર્ટ એટેકે પુરુષનો ભોગ લીધો હતો. સાવરકુંડલામાં બીપી લો થવાથી મહિલાનું મૃત્યુ થયું હતું. સાવરકુંડલામાં રહેતા ગૌરીબેન પ્રેમજીભાઈ મહીડાનું અચાનક બી.પી. લો થઈ જતા રસ્તા પર પડી જવાથી મરણ પામ્યા હતા. સાવરકુંડલાના નેસડી ગામે રહેતા મૂળ મધ્યપ્રદેશના જોબટ તાલુકાના પ્યારસીંગ ટીમુસીંગ મહેડાએ જાહેર કર્યા મુજબ, ફતેસીંગ ટીમુસીંગ મહેડા ભાગવી રાખેલ વાડીએ પાળી વિનાના ધાબા પર નશાની હાલતમાં સુતા હતા. ધાબા પરથી નીચે પડી જતા બન્ને પગમાં ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું. રાજુલામાં રહેતા દિપકકુમાર સામતભાઈ પરમારને હાર્ટ એટેક આવતા મરણ પામ્યા હતા.

**સસ્તા ભાવમાં માટીના ફેરા મુદ્દે માથાકૂટ થઈ**

# સાવરકુંડલામાં 'શું કામ ભાવ બગાડતા હશો' તેમ કહી હુમલો કર્યો

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલામાં સસ્તા ભાવમાં માટીના ફેરા મુદ્દે માથાકૂટ થઈ હતી અને 'શું કામ ભાવ બગાડતા હશો' તેમ કહીને હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે રાકેશભાઈ હિમતભાઈ કુડેચા (ઉ.વ.૩૩)એ પ્રિન્સ હીતેષભાઈ રાણાવાડીયા તથા કમલેશભાઈ ધીરૂભાઈ રાણાવાડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સા.કુંડલા ફ્રેન્ડ સોસાયટીમાં રોડમાંથી માટી ઉપાડવાનું કામ ચાલુ હતું તે સમયે તેનું ટ્રેક્ટર લઈને માટી ઉપાડવા ગયા હતા. હીતેષભાઈ રાણાવાડીયા પણ તેનું ટ્રેક્ટર લઈને માટી ઉપાડવા માટે આવ્યા હતા. સસ્તા ભાવમાં માટીના ફેરા કરતા હોવાથી તેમણે કહેલ કે 'આ હીતેષભાઈ શું કામે ભાવ બગાડતા હશે' તે વાત હીતેષભાઈના દીકરા સાંભળી ગયા હતા. થોડીવાર બાદ આરોપીઓ હાથમાં લોખંડનો પાઈપ લઈને આવ્યા હતા અને તેમને જેમફાવે તેમ ગાળો આપી હતી. તેમજ હાથમાં રહેલા લોખંડની પાઈપ વડે માથાના ભાગે મારી દેતા પાંચ ટાંકા તથા ફ્રેકચર થયું હતું તેમજ મુંઢમાર પણ માર્યો હતો. આરોપીએ પથ્થરનો છુટ્ટો ઘા તેમને કેડના ભાગે માર્યો હતો. આ સમયે તેના ભાઈ વિપુલભાઈ બચાવવા વચ્ચે પડતા તેને પણ હાથની આંગળીઓ ઉપર પાઈપનો એક ઘા માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# 'પ્રેમ સંબંધ નહીં રાખે તો જિંદગી બરબાદ કરી નાખીશ' કહી યુવતીની સતામણી કરી

**રાજુલાના ખેરા ગામનો બનાવ**

રાજુલા, તા. ૨૨

રાજુલના ખેરા ગામે એક યુવતીને પ્રેમ સંબંધ નહીં રાખે તો જિંદગી બરબાદ કરી નાખીશ તેમ કહી યુવતીની સતામણી કરવામાં આવી હતી. ઉપરાંત ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે યુવતીએ લાલજીભાઈ રાજાભાઈ ગુજરીયા (ઉ.વ.૩૦) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તે ચાંચ ગામે શીતળા માતાજીના મંદિર પાસેથી રસ્તામાં ચાલીને જતા હતા ત્યારે આરોપીએ મોટરસાઈકલ લઈને પીછો કર્યો હતો. તેણે પાછળથી આવી પ્રેમ સંબંધ રાખવાનું કહ્યું હતું. જો પ્રેમ સંબંધ નહીં રાખે તો જીંદગી બરબાદ કરી નાખીશ તેમ કહી જાતીય સતામણી કરી હતી. તા.૧૯/૦૭/૨૫ના રોજ આરોપીએ તેમના ઘરે આવી તેમને તથા સાહેદને જેમફાવે તેમ ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.વી. પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

જેનુદીનભાઈ અક્બર અલી હીરાણી (કાપડ વાલા ઉમર ૬૫) તે મરહુમ મુમતાઝબેન જક્યુદ્દિનભાઈ કોડીનારવાલાના શોહર તે હુસૈનભાઇ, શેહનાજબેન હુઝેફાભાઈ (વીંછિયા) તથા બતુલબેન ફૈઝલભાઈ (સુરત) ના બાવાજી તા:૨૨/૦૭/૨૦૨૫ મંગળવારના રોજ વફાત થયેલ છે. જેના જ્યારતના સિપારા ૨૪/૦૭/૨૦૨૫ ગુરૂવારના રોજ ૧૧:૩૦ વાગે ઇઝ્ઝી મસ્જિદમાં રાખેલ છે.

**એમ.સી.રાજયગુરૂ, તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૮/૨૦૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

વિવાદી :- લુવાર હસમુખભાઈ સોમાભાઈ
ઠે.મતિરાળા, તા.લાઠી જી.અમરેલી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.મતિરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો હસમુખભાઈ સોમાભાઈ લુવારનું તા.૦૧/૦૧/૧૯૭૫ ના રોજ મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૬/૦૬/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હકુમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**//એક્ઝિકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૩૦/૨૦૨૫

અરજદાર :- શ્રી કંચનબેન ગોરધનભાઈ ડોબરીયા તે મધુભાઈ ભાલળાના પત્ની
રહે. જશવંતગઢ, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના આંકડીયા ગામમાં અરજદારશ્રી કંચનબેન ગોરધનભાઈ ડોબરીયા તે મધુભાઈ ભાલળાના પત્ની તેઓના નાના ભાઈ બટુકભાઈ ગોરધનભાઈ ડોબરીયાની જન્મ(તા.૦૧/૦૮/૧૯૬૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-//એકઝીકયુટીવ મેજી સ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૫૪/૨૦૨૫

શ્રી જગદીશભાઈ છગનભાઈ તાવેથીયા
રે.ખારા, તા.લીલીયા, જી.અમરેલી ........અરજદાર
(હાલ-૨૮, શિતલ પાર્કન સોસાયટી એ.કે.રોડ, તા.જી.સુરત પીન.૩૯૫૦૦૮)

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ખારા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જગદીશભાઈ છગનભાઈ તાવેથીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫ના રોજ ખારા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૫૯/૨૦૨૫

શ્રી ચંપાબેન અરજણભાઈ સોલંકી
રહે.લાઠી ભગત પરા, તા.લાઠી, જી.અમરેલી પીન-૩૬૫૪૩૦........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, દાડમા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ચંપાબેન અરજણભાઈ સોલંકીના પુત્રી માયાબેન અરજણભાઈ સોલંકીનો જન્મ તા.૦૫/૧૨/૧૯૮૫ના રોજ દાડમા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-**

[illegible] ૩૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ઉકરડાભાઈ જીવાભાઈ બારીયા
રહે.વેલણ, ગામ- વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ,
વકીલશ્રી વાઘેલા પી.પી.., રહે.કોડીનાર .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **વેલણ** ગામના રહીશ **શ્રી ઉકરડાભાઈ જીવાભાઈ બારીયા** ના **પિતા શ્રી જીવાભાઈ કાલાભાઈ બારીયા** મરણ **તારીખ:૦૯/૦૬/૧૯૯૫** ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ **કોડીનાર તાલુકાના વેલણ ગામના સને.૧૯૯૫ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**(ડી.જી.વરમોરા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૫૩/૨૦૨૫

શ્રી નીતાબેન ડો/ઓફ માસાભાઈ વાઘેલા નીતાબેન વિનોદભાઈ લખુભાઈ ચારોલીયા
રે.ચમારડી, તા.બાબરા, જી.અમરેલી ........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી નીતાબેન માસાભાઈ વાઘેલાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૯ના રોજ લીલીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**//એક્ઝિકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૪૧/૨૦૨૫

અરજદાર :- શ્રી અરજણભાઈ ગોપાભાઈ વેગડ
રહે. ઘાંઘળી, તા.સિહોર
જી.ભાવનગર મો-૯૫૭૪૯૫૪૬૨૨

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં અરજણભાઈ ગોપાભાઈ વેગડ તેમની બહેન વિનુબેન ગોપાભાઈ વેગડની મરણ (તા.૨૭/૦૩/૨૦૧૩)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.એમ.તલાટી)**
**એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

મરણ રજી.નં.૦૫/૨૦૨૫

શ્રી હર્ષદભાઈ વાલજીભાઈ હેલૈયા
રે.ક્રાંકચ, તા.લીલીયા, જી.અમરેલી ........અરજદાર
(હાલ-ઓમ શાંતિ વેસ્ટર્ન પાર્ક, ચિતલ રોડ, અમરેલી મો.૭૦૪૬૬૨૮૮૩૫)

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ક્રાંકચ ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હર્ષદભાઈ વાલજીભાઈ હેલૈયાના માતા કલુબેન વાલજીભાઈ હેલૈયાનું મરણ તા.૩૧/૦૧/૨૦૨૨ના રોજ ક્રાંકચ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

તંત્રી લેખ

# સંસદનું ચોમાસુ સત્ર: લોકશાહીનો ધબકાર અને પડકાર

ભારતીય લોકશાહીનું હૃદય ગણાતી સંસદમાં, ચોમાસુ સત્ર હંમેશા એક વિશેષ મહત્વ ધરાવે છે. ગરમી અને પ્રી-મોન્સૂન વરસાદ પછી જ્યારે ચોમાસું દેશભરમાં વ્યાપે છે, ત્યારે સંસદ ભવનમાં પણ રાજકીય ગરમાવો જોવા મળે છે. આ સત્ર, જે સામાન્ય રીતે જુલાઈથી સપ્ટેમ્બર મહિના દરમિયાન ચાલે છે, તે દેશના વિકાસ, જનતાના પ્રશ્નો અને લોકશાહીના મૂલ્યોની ચર્ચા માટેનું એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડે છે. આ વર્ષનું ચોમાસુ સત્ર પણ અનેક પડકારો અને અપેક્ષાઓ સાથે શરૂ થઈ રહ્યું છે. સામાન્ય રીતે, સંસદનું ચોમાસુ સત્ર લગભગ ત્રણથી ચાર અઠવાડિયા સુધી ચાલે છે. જોકે, કામકાજના ભારણ અને મહત્વપૂર્ણ મુદ્દાઓની ચર્ચાને આધારે તેમાં વધઘટ થઈ શકે છે. આ સત્રમાં સરકાર વિવિધ વિધેયકો રજૂ કરે છે, નીતિઓ પર ચર્ચા થાય છે અને વિરોધ પક્ષ સરકારને જવાબદેહ ઠેરવવાનો પ્રયાસ કરે છે. સત્રની ચોક્કસ તારીખો અને સમયપત્રક સંસદીય કાર્યસૂચિ દ્વારા નક્કી કરવામાં આવે છે, પરંતુ તે ઓગસ્ટના અંત સુધી અથવા સપ્ટેમ્બરના મધ્ય સુધી ચાલુ રહેવાની સંભાવના છે. ચોમાસુ સત્રમાં હંમેશા કેટલાક મુખ્ય મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહે છે. આ વર્ષે પણ ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ગરમાગરમ ચર્ચાઓ થવાની સંભાવના છે. કેટલાક સંભવિત મુદ્દાઓ નીચે મુજબ છે: આર્થિક સ્થિતિ અને મોંઘવારી મુખ્ય છે. દેશની આર્થિક સ્થિતિ, મોંઘવારીનો મુદ્દો, રોજગારી સર્જન અને જીડીપી વૃદ્ધિ દર પર સઘન ચર્ચા થઈ શકે છે. પેટ્રોલ-ડીઝલના ભાવ, ખાદ્યપદાર્થોના વધતા ભાવ અને સામાન્ય માણસ પર તેની અસર એ મુખ્ય મુદ્દાઓ રહેશે. ખેડૂતોના પ્રશ્નો, પાક વીમા યોજના, કૃષિ ઉત્પાદનના ભાવ અને કૃષિ કાયદાઓ પર ફરીથી ચર્ચા થઈ શકે છે. આ ઉપરાંત, વરસાદ અને ચોમાસાની સ્થિતિને કારણે કૃષિ ઉત્પાદન પર થતી અસર અંગે પણ ચર્ચા થશે. સરહદી સુરક્ષા, આતંકવાદ, સાયબર ક્રાઈમ અને દેશના વિવિધ ભાગોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા થઈ શકે છે. સરકાર કેટલાક નવા વિધેયક રજૂ કરી શકે છે, જે શિક્ષણ, આરોગ્ય, સામાજિક કલ્યાણ અથવા આર્થિક સુધારાઓ સંબંધિત હોઈ શકે છે. જુના કાયદાઓમાં સુધારા અંગેના વિધેયક પણ રજૂ થઈ શકે છે. મહિલા સુરક્ષા, બાળકોના અધિકાર, સામાજિક ન્યાય અને વિવિધ સમાજ કલ્યાણકારી યોજનાઓ પર પણ ચર્ચા થઈ શકે છે. ભારતની વિદેશ નીતિ, પાડોશી દેશો સાથેના સંબંધ અને આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની ભૂમિકા અંગે પણ ચર્ચા થઈ શકે છે. આગામી વિધાનસભા અને લોકસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી સુધારા, મફત રેવડી સંસ્કૃતિ અને લોક પ્રતિનિધિત્વ કાયદામાં સુધારા અંગે પણ ચર્ચા થઈ શકે છે. લોકશાહીમાં વિરોધ પક્ષની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોય છે. તે સરકાર પર અંકુશ રાખવાનું, જનતાના અવાજને વાચા આપવાનું અને જવાબદેહી સુનિશ્ચિત કરવાનું કામ કરે છે. ચોમાસુ સત્રમાં વિરોધ પક્ષ નીચેની ભૂમિકા ભજવી શકે છે: વિરોધ પક્ષ સરકારની નીતિઓ અને નિર્ણયો પર સવાલ ઉઠાવશે. મોંઘવારી, બેરોજગારી, સરહદી સુરક્ષા અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સરકાર પાસેથી જવાબો માંગશે. સામાન્ય જનતાને સ્પર્શતા મુદ્દાઓ, જેમ કે ખેડૂતોના પ્રશ્નો, મહિલા સુરક્ષા, શિક્ષણ અને આરોગ્ય સંબંધિત સમસ્યા સંસદમાં રજૂ કરશે. સરકાર દ્વારા રજૂ કરાયેલા વિધેયક પર વિસ્તૃત ચર્ચા કરશે. જો તેમને કોઈ વિધેયકમાં ખામી જણાશે, તો તેમાં સુધારા સૂચવશે અથવા તેનો વિરોધ કરશે. સંસદીય પરંપરા અને લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવા માટે વિરોધ પક્ષ સતત સક્રિય રહેશે. વિવિધ મુદ્દાઓ પર સરકાર પર દબાણ બનાવીને નીતિગત નિર્ણયોમાં જનહિતને પ્રાધાન્ય અપાવવાનો પ્રયાસ કરશે. ક્યારેક સંસદમાં હંગામો, વોકઆઉટ કે સૂત્રોચ્ચાર દ્વારા પણ વિરોધ નોંધાવવામાં આવે છે, જોકે તે સંસદના કામકાજને અવરોધે નહીં તે જોવું પણ જરૂરી છે. વિરોધ પક્ષ માત્ર ટીકા જ નહીં, પરંતુ સરકારની નીતિઓ સામે વૈકલ્પિક નીતિઓ અને ઉકેલ પણ રજૂ કરી શકે છે, જે જનતાને વધુ સારા વિકલ્પ પ્રદાન કરી શકે. સંસદનું ચોમાસુ સત્ર એ માત્ર એક ઔપચારિક બેઠક નથી, પરંતુ તે ભારતીય લોકશાહીનો જીવંત ધબકાર છે.

# જાફરાબાદના નાનુડી ગામ પાસે બોલેરોની ટક્કરથી એકનું મોત

**જિલ્લામાં અકસ્માતની બે ઘટના**

ખાંભા, તા.૨૨

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના બની હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. જાફરાબાદના મિતીયાળા ગામે રહેતા ભરતભાઈ વેલાભાઈ વાઢેર (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, તેઓ તથા મરણજનાર મોટરસાયકલ લઈને ટ્રેકટર જોવા તેમના ઘરેથી અમરેલી તરફ જતા હતા તે વખતે નાનુડી ગામથી આગળ સાવરકુંડલા ટી-પોઈન્ટ પાસે પહોચતા એક બોલેરો ગાડી રજી. નં.GJ-૧૧-VV-૪૮૧૨ ના ચાલકે પોતાના હવાલાવાળી બોલેરો ગાડી પૂરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી તેમને પાછળથી ટક્કર મારી હતી. જેમાં તેઓ બંને ફંગોળાઈ ગયા હતા. તેમને કમરના ભાગે મુંઢ ઈજા થઈ હતી અને મરણજનારના માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી બોલેરોચાલક ફરાર થઈ ગયો હતો. બીજા બનાવમાં સાવરકુંડલાના ભોંકરવા ગામે રહેતા લાલજીભાઈ સાજણભાઈ બગડા (ઉ.વ.૨૯)એ ફોરવ્હીલ નં.GJ-૧૪-AK-૨૬૫૮ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની મોટરસાયકલ લઈને ભોંકરવાથી વીજપડી જતા હતા. આ સમયે ડેડકડી ગામથી છાપરી ગામની વચ્ચે રસ્તામાં સામેથી આવતી ફોરવ્હીલના ચાલકે તેમના પિતાની મોટરસાયકલને ટક્કર મારી હતી. જેમાં તેમના પિતાને માથાના ભાગે, જમણા હાથે અને પગે તથા ડાબા પગે અને જમણા પગના થાપાના ભાગે નાની મોટી ગંભીર ઈજાઓ થઈ હતી.

# જિલ્લામાં ૫ લોકો પાસેથી ૧૭ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો

**પોલીસે તમામ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં પોલીસની કડક કાર્યવાહી છતાં દારૂડીયાઓ ગમે ત્યાંથી દારૂની વ્યવસ્થા કરી ઝુમ બરાબર ઝુમ કરી રહ્યાં છે. આવા શરાબીઓ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી જિલ્લામાં ૫ લોકો પાસેથી પોલીસે ૧૭ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. જાફરાબાદમાંથી ૨ લીટર, વંડા ગામેથી ૨ લીટર, બાઢડા ગામેથી ૮ લીટર, ધજડી ગામના પાટીયા પાસેથી ૫ લીટર તથા દોલતી ગામેથી ૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. નાગેશ્રીના ટીંબી ગામેથી ૪ સહિત જિલ્લામાંથી ૧૧ લોકો ટલ્લી થઈને ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલામાં પંદર દિવસના વિરામ બાદ ફરી ઝાપટા પડ્યા

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલા શહેરમાં છેલ્લા પંદર દિવસ કરતા વધુ સમયથી વરસાદના કોઈ વાવડ ન હતાં, છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો છવાયા હતા. પરંતુ મેઘો મન મૂકીને વરસતો ન હતો. એક સારો વરસાદ થાય તો લોકોને ખાસ કરીને ખેડૂતો માટે ખેતરમાં વાવેલ પાકના પોષણ માટે અત્યંત જરૂરી છે.



જોકે આજે લગભગ બપોરના ત્રણેક વાગ્યે આ લખાય છે ત્યારે વરસાદી ઝાપટા ધીમી ધારે વરસવાનાં મંડાણ શરૂ થયા હતા. ખૂબ ગરમી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

# શિયાળબેટ ગામે રિક્ષાનું ભાડું માંગતા મુંઢમાર માર્યો

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદના શિયાળબેટ ગામે રિક્ષાનું ભાડું માંગવા મુદ્દે મુંઢમાર માર્યો હતો. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે સાગરભાઈ લાખાભાઈ શિયાળ (ઉ.વ.૩૨)એ હમીરભાઈ નગાભાઈ શિયાળ, શુકરભાઈ શીવાભાઈ શિયાળ, શીવાભાઈ નગાભાઈ શિયાળ તથા હરેશભાઈ હમીરભાઈ શિયાળ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે હમીરભાઈ નગાભાઈ શિયાળ પાસે રિક્ષાનું ભાડું માંગતા તેને સારું નહોતું લાગ્યું.

ઉપરાંત જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડી હતી. તેઓ પોતાના ઘરે જતા રહ્યા હતા. આરોપીઓએ તેમના ઘરે આવીને તેમને તથા સાહેદોને લાકડી તથા પાઈપો વડે મુંઢમાર મારી ઈજાઓ કરી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતા. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એમ. રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

**ધારીના બોરડી ગામનો બનાવ**

# 'તમે એકધારા મને કામ ચીંધો છો, અને કામ બાબતે ટકટક કર્યા કરો છો' કહી ગાળો આપી

**હવે આવી ભુલ થશે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી**

ધારી, તા. ૨૨

ધારીના બોરડી ગામે રહેતા અશ્વીનભાઈ ભોળાભાઈ કુંજડીયા (ઉ.વ.૫૨)એ રમેશભાઈ રાઠવા નામના વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની વાડીએ ખેતીકામ કરવા સારૂ રાખેલ પંકજ રાઠવાને વાડીને કામ ચીંધતા, પંકજભાઈ રાઠવાને સારૂ નહોતું લાગ્યું. જેથી તેણે તેમને 'તમે એકધારા મને કામ ચીંધો છો, અને કામ બાબતે ટકટક કર્યા કરો છો, મારે તમારૂ ભાગીયું નથી રાખવું' તેમ કહીને પંકજભાઈ રાઠવાએ બાજુની વાડીએ કામ કરતા તેના કાકા અને આરોપીને ફોન કરી બોલાવ્યા હતા.

તેઓ આવીને તેમને ગાળો દેવા લાગ્યા હતા અને કહેવા લાગ્યા કે 'આ પંકજ મારો ભત્રીજો થાય છે તારે તેને કંઈ કહેવાનું નહી' તેમ ગાળો બોલવા લાગ્યા હતા. તેમણે આરોપીને ગાળો બોલવાની ના પાડતા ગુસ્સામાં તેમનો કાંઠલો પકડી, માર મારવા લાગ્યા હતા તેમજ વાંસા (પીઠ)માં એક ઢીકો મારતાં જમીન પર પડી ગયા હતા.

જે દરમ્યાન આરોપી લાકડી લઈ તેમને મારવા દોડતા તે વખતે પંકજભાઈ રાઠવાએ તેને પકડી લીધો હતો. તેમને ગાળો દઈ કહેવા લાગેલ કે તારે મારી વાડી પાસેથી જ નીકળવું છે, હવે આવી ભુલ થશે તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએલઆઈ આર.બી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં મહિલા પાસેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે કાર્યવાહી કરી હતી. સાવરકુંડલામાં મહિલા પાસેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય અન્ય છ ઈસમો પાસેથી ૧૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. સાવરકુંડલામાંથી ત્રણ સહિત જિલ્લામાંથી નવ પ્યાસી પકડાયા હતા. ડુંગર ગામેથી બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં મોટર સાયકલ ચલાવતા ઝડપાયા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૭૬ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૧ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૯૫ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૩૫ |
| બાજરી | ૩૧૦ | ૪૦૮ |
| તુવેર | ૯૫૦ | ૧૩૧૭ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૨૩૬ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૨૧૨૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૩૩ |
| મગ | ૧૩૧૦ | ૧૬૨૧ |
| વાલ દેશી | ૯૩૦ | ૧૨૦૦ |
| ચોળી | ૯૦૦ | ૧૭૬૦ |
| મઠ | ૧૨૫૦ | ૨૧૫૦ |
| વટાણા | ૯૩૧ | ૨૦૫૦ |
| કળથી | ૬૫૦ | ૮૨૫ |
| રાજમા | ૯૫૦ | ૧૫૧૫ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૯૧૫ | ૧૧૬૦ |
| તલી | ૧૪૫૦ | ૧૯૦૬ |
| સુરજમુખી | ૧૩૨૫ | ૧૩૨૫ |
| એરંડા | ૧૧૮૨ | ૧૨૯૫ |
| અજમો | ૧૧૦૦ | ૧૫૦૦ |
| સુવા | ૮૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૪ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૬૦ |
| કાળા તલ | ૨૮૬૦ | ૩૯૪૩ |
| લસણ | ૫૬૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૧૭૧ | ૧૪૪૦ |
| ધાણી | ૧૨૮૦ | ૧૪૬૪ |
| વરીયાળી | ૧૦૨૫ | ૧૩૭૫ |
| જીરૂ | ૩૪૪૦ | ૩૭૦૦ |
| રાય | ૧૨૨૦ | ૧૪૯૦ |
| મેથી | ૮૬૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૧૫૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૬૦ |
| કલોંજી | ૨૭૫૦ | ૪૧૦૦ |
| રાયડો | ૧૧૩૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૫૯૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| પપૈયા | ૨૦૦ | ૨૫૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૯૮ | ૩૦૫ |
| ટમેટા | ૫૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૩૦ | ૪૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૨૫૦ | ૧૬૫૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૧૫૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૫૦ |
| સરગવો | ૧૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૫૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૫૦ |
| ગાજર | ૪૦૦ | ૬૬૦ |
| કંટોળા | ૧૮૦૦ | ૨૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| બીટ | ૩૫૦ | ૬૨૦ |
| મેથી | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૧૫ | ૧૦૫૮ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૧૦૪ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૪૪૨ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૦૧૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૮૩૫ |
| તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૨૭૦ |
| બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| જુવાર | ૨૯૫ | ૭૪૦ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૭૧ |
| મગ | ૧૩૦૫ | ૧૫૩૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| સફેદ ચણા | ૧૧૪૨ | ૧૨૪૧ |
| તુવેર | ૧૧૨૫ | ૧૨૯૦ |
| કપાસ | ૯૦૦ | ૧૬૮૨ |
| એરંડા | ૧૦૨૦ | ૧૨૭૪ |
| જીરૂ | ૩૬૮૫ | ૩૬૮૫ |
| ધાણી | ૧૧૨૦ | ૧૩૭૫ |
| અજમા | ૧૧૦૦ | ૧૧૩૦ |
| મેથી | ૬૦૦ | ૯૧૫ |
| સોયાબીન | ૬૨૦ | ૮૨૦ |
| કાંગ | ૫૮૫ | ૫૮૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૫૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૬૨૦ | ૭૦૦ |
| કોબીઝ | ૪૫૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૭૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૯૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૩૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૫૦ | ૧૪૫૦ |
| વટાણાં | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૫૫૦ | ૬૨૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૩૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ઓળા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૬૦ |
| મરચાં લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ સૂકુ | ૧૦૩૦ | ૧૨૫૦ |
| પાલક | ૬૫૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૨૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૭૦૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૬૩૨ |
| મગફળી જીણી | ૭૧૧ | ૧૧૩૧ |
| સિંગદાણા જાડા | ૧૧૭૧ | ૧૫૪૧ |
| સિંગ ફાડીયા | ૮૨૧ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૯૭૬ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૮૦૧ |
| કલંજી | ૧૯૦૧ | ૩૯૫૧ |
| વરીયાળી | ૯૯૧ | ૯૯૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૮૧ |
| લસણ સુકું | ૫૨૧ | ૧૦૭૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૮૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૧૧ |
| મઠ | ૧૩૦૧ | ૧૩૧૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૦૧ |
| રાજગરો | ૧૧૯૧ | ૧૧૯૧ |
| રાય | ૧૩૦૧ | ૧૪૦૧ |
| મેથી | ૮૯૧ | ૧૦૭૧ |
| કાંગ | ૨૫૧ | ૫૬૧ |
| મગફળી જાડી | ૭૦૧ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૧૬૧ | ૧૯૪૧ |
| મગફળી નવી | ૫૫૧ | ૧૧૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૨૦૧ |
| બાજરો | ૨૫૧ | ૪૨૧ |
| જુવાર | ૩૫૧ | ૬૬૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૬૧ |
| મગ | ૧૧૦૧ | ૧૬૩૧ |
| ચણા | ૧૦૪૬ | ૧૨૦૫ |
| વાલ | ૫૦૧ | ૧૧૮૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૪૧૧ |
| સોયાબીન | ૭૪૬ | ૮૩૬ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૪૧ |
| વટાણા | ૧૫૬૧ | ૧૫૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૯૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૬૦ | ૬૦૦ |
| દુધી | ૪૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૪૦ | ૬૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૨૦ |
| ભીંડો | ૧૬૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૯ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૫ | ૭ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| કંટોલા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| ચોરા | ૧૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૪૮૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૬ |
| ચણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| તલ | ૧૪૮૦ | ૧૬૪૦ |
| શીંગ દાણા | ૧૧૬૦ | ૧૫૧૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| બાજરો | ૩૫૫ | ૩૫૫ |
| મગ | ૧૩૦૫ | ૧૪૪૧ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૬૬૦ | ૮૦૬ |
| **ખાંભા** | | |
| ચણા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૧૦૦ |
| મેથી | ૬૦૦ | ૬૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૦૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૯૦ |
| શીંગ ફાડા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ધાણા | ૧૧૪૦ | ૧૩૮૬ |
| તુવેર | ૧૧૫૫ | ૧૨૩૫ |
| એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| મગફળી | ૭૯૦ | ૯૬૦ |
| લશણ | ૯૭૫ | ૯૭૫ |
| મગ | ૧૨૬૫ | ૧૪૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૮૦ |
| કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૫૪૦ |
| મગફળી | ૧૦૩૫ | ૧૧૦૫ |
| જીરૂ | ૨૬૫૫ | ૩૭૯૫ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૨૫૬૦ | ૩૮૦૦ |
| ઘંઉ | ૪૬૫ | ૫૧૫ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૪૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૮૦ | ૧૧૨૦ |
| શીંગ મોટી | ૧૦૭૦ | ૧૧૩૧ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૪૦૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૬૯ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૮૭૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૬૧૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૧૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૧ |
| બાજરો | ૩૫૦ | ૫૦૮ |
| જુવાર | ૭૦૦ | ૮૨૯ |
| મગ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૨૧૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૭૦ |
| એરડી | --- | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૧૬૯ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૪૩ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૭ |
| મેથી | ૭૫૦ | ૯૨૦ |
| જુવાર | ૬૦૦ | ૮૦૬ |
| ચોળી | ૮૦૦ | ૧૪૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૮૪ |
| મગ | ૧૨૫૦ | ૧૭૪૮ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૭૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૯૫ |
| સફેદ તલ | ૧૧૫૦ | ૧૯૩૮ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૯૭૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૨ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૫૪૦ |
| રજકો | ૩૫૦૦ | ૫૦૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૬ |
| બાજરો | ૩૦૧ | ૩૦૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૬૬ |
| તુવેર | ૮૦૧ | ૧૨૫૧ |
| મગફળી | ૭૦૦ | ૧૧૧૬ |
| શિંગદાણા | ૧૧૫૧ | ૧૩૫૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૭૦૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૬૩૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૧૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૨૬ |
| **મહુવા** | | |
| જુવાર | ૩૮૪ | ૬૮૧ |
| બાજરી | ૩૫૧ | ૫૬૩ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૩ |
| મકાઇ | ૨૦૦ | ૪૦૦ |
| અડદ | ૪૦૬ | ૧૧૨૪ |
| મગ | ૮૦૦ | ૧૫૬૨ |
| ધાણા | ૭૭૦ | ૧૦૪૨ |
| મેથી | ૭૦૧ | ૯૯૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૮૦ |
| તલ સફેદ | ૧૩૮૦ | ૧૯૨૯ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૯૦૦ |
| તુવેર | ૯૩૫ | ૧૦૯૬ |
| જીરૂ | ૧૪૦૧ | ૩૫૮૦ |
| ડુંગળી લાલ | ૧૦૨ | ૩૦૫ |
| ડુંગળી સફેદ | ૯૨ | ૨૪૧ |



લાગે તો તીર : - બોસ, સરકારી ઓફિસોમાં ધક્કા ખાઈ ખાઈને થાકી ગયો છું
06

# રોબર્ટ વાડ્રાને કેમ કશું થતું નથી ?





## બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

રોબર્ટ વાડ્રા જેલમાં જશે? હરિયાણામાં જમીનના સોદામાં ભ્રષ્ટાચારના કેસમાં રાહુલ ગાંધીના સૂટેડ-બૂટેડ જીજાજી રોબર્ટ વાડ્રા સામે ચાર્જશીટ દાખલ થતાં જ આ સવાલ ફરી પૂછાઈ રહ્યો છે. ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીએ ગુરુગ્રામના શિકોપુર ગામમાં ૩.૫ એકર જમીન ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ નામની કંપની પાસેથી ખરીદી હતી. જમીનનો ૭.૫ કરોડ રૂપિયામાં સોદો થયેલો.

હરિયાણામાં કોંગ્રેસની સરકાર હતી અને ભૂપેન્દ્રસિંહ હુડ્ડા મુખ્યમંત્રી હતા તેથી વાડ્રાની કંપનીને તાત્કાલિક જમીન ટ્રાન્સફર કરી દેવાઈ. જમીન ખરીદીના એક મહિના પછી વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીને ૨.૭ એકર જમીન પર રેસિડેન્શિયલ પ્રોજેક્ટ વિકસાવવાની મંજૂરી પણ આપી દેવાઈ. આ મંજૂરીના ૨ મહિના પછી જૂન ૨૦૦૮માં સ્કાયલાઈટે આ જમીન ડીએલએફને ૫૮ કરોડ રૂપિયામાં વેચીને રોકડી કરી લીધી. જમીનના દસ્તાવેજ પ્રમાણે જ માત્ર ૪ મહિનામાં ૭૦૦ ટકાથી વધુ ભાવે વધી ગયા હતા.

હુડ્ડા સરકારે ૨૦૧૨માં રેસિડેન્શિયલ પ્રોજેક્ટનું લાયસન્સ ડીએલએફને ટ્રાન્સફર કર્યું ત્યારે હરિયાણા સરકારના લેન્ડ રજિસ્ટ્રેશન ડિરેક્ટર અશોક ખેમકાએ જમીનની માલિકીની ટ્રાન્સફર રદ કરી તેમાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો. છેલ્લાં ૧૩ વર્ષથી આ મુદ્દો ચગેલો છે પણ વાત હજુ ચાર્જશીટ સુધી જ પહોંચી છે. હરિયાણામાં ભાજપની સરકાર આવી પછી ૨૦૧૮માં હરિયાણા પોલીસે રોબર્ટ વાડ્રા, ભૂપેન્દ્ર હુડા, ડીએલએફ અને ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ સામે એફઆઈઆર નોંધેલી પણ બીજું કશું થયું નહોતું. હવે ૭ વર્ષ પછી ચાર્જશીટ દાખલ થતાં રોબર્ટ વાડ્રાના જેલયોગ આવી ગયા કે શું એવી ચર્ચા થવી સ્વાભાવિક છે.

■■■

વાડ્રા સામે રાજસ્થાનમાં પણ જમીન સોદામાં ભ્રષ્ટાચારનો કેસ છે.

અશોક ગેહલોતે વાડ્રાની કંપનીને આર્મી માટે સંપાદિત જમીન આપીને ભ્રષ્ટાચાર કર્યો છે. રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં આવેલા પોખરણમાં ભારતીય લશ્કરના જવાનોને ગોળીબારની પ્રેક્ટિસ માટે મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ બનાવાઈ છે. પાકિસ્તાન સાથેની સરહદની નજીક આવેલી મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ભારતીય લશ્કરની આ સૌથી જૂની ફાયરિંગ રેન્જ છે. આ રેન્જ બનાવવા મોટા પ્રમાણમાં જમીનનું સંપાદન કરાયું હતું. વિસ્થાપિત પરિવારોને બિકાનેર જિલ્લામાં કોલાયત વિસ્તારમાં જમીન ફાળવાઈ હતી. આ ફાળવણી ૧૯૯૨થી ૧૯૯૬ના સમયગાળામાં કરાયેલી. વાડ્રાની કંપનીએ ફાયરિંગ રેન્જના વિસ્થાપિતો માટેની જમીનમાંથી ૩૭૪.૪૪ હેક્ટર જમીન ગોટાળા કરીને લઈ લીધી હોવાનો કેસ છે.

આ ભ્રષ્ટાચાર કરાયો ત્યારે રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર હતી અને અશોક ગેહલોત મુખ્યમંત્રી હતા. ગેહલોતે નિયમોની ઐસીતૈસી કરીને વાડ્રાને જમીન ફાળવી દીધી. પહેલા વાડ્રાની કંપનીના નામે જમીન અપાઈ અને પછી વાડ્રાએ પોતાના મળતિયાઓના નામે જમીનો ટ્રાન્સફર કરાવી દીધેલી.

રાજસ્થાનમાં ૨૦૧૩ની વિધાનસભાની ચૂંટણીમાં વસુંધરા રાજે આ મુદ્દો ઉઠાવેલો. તેની અસર પડી ને અશોક ગેહલોત ઘરભેગા થઈ ગયા તેથી વસુંધરા પાસે પગલાં લીધા વિના છૂટકો નહોતો. વસુંધરાએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી સુધી કશું ના કર્યું પણ લોકસભાની ચૂંટણીમાં પાછો આ મુદ્દો ઉઠાવ્યો. કેન્દ્રની કોંગ્રેસની સરકારના ઈશારે તપાસમાં કેન્દ્રની એજન્સીઓ રોડાં નાંખે છે એવા આક્ષેપ પણ કર્યા.

લોકસભાની ચૂંટણીમાં ભાજપ જીતતાં વસુંધરા પાસે કોઈ બહાનું ના રહ્યું. એટલે તેમણે ચૂંટણી પછી વાડ્રા સામે તપાસની જાહેરાત કરાવી. બિકાનેર જિલ્લામાં કોલાયતનાં ૩૪ ગામોમાં વાડ્રાની કંપનીને જમીન ફાળવાયેલી. તેમાંથી ૧૮ ઠેકાણે પોલીસ ફરિયાદ કરાવાઈ. પહેલાં રાજીખુશીથી જમીનો ટ્રાન્સફર કરી આપનારા તલાટીઓએ જ ફરિયાદ નોંધાવી કે, જમીન માફિયાઓએ ખોટા દસ્તાવેજોના આધારે આ જમીનો મેળવી છે. અલબત્ત આ ફરિયાદોમાં પણ વાડ્રા કે તેની કંપનીના નામનો ઉલ્લેખ નહોતો તેથી વાડ્રાને કશું ના થયું. જાન્યુઆરી, ૨૦૧૫માં વાડ્રાની કંપની અને તેમના મળતિયાઓને કરાયેલી જમીનની ટ્રાન્સફર એટલે કે મ્યુટેશન રદ કરાયું. ઈડીએ ૨૦૧૫માં જ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કેસ નોંધ્યો પણ આ કેસમાં પણ કશું નક્કર થયું નથી.

■■■

વાડ્રા સામે બીજા પણ કેસ છે.

યુ.કે.માં વાડ્રાએ ઢગલાબંધ પ્રોપર્ટી ખરીદી હોવાનું કહેવાય છે. શસ્ત્રોની દલાલી કરી ખાતા સંજય ભંડારી મારફતે વાડ્રાએ યુ.કે.માં કુલ ૧.૨૦ લાખ કરોડ પાઉન્ડ એટલે કે લગભગ ૧૪૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી ખરીદી હોવાનો કેસ ઈડીએ નોંધ્યો છે.

લંડનના બ્રિસ્ટલ સ્કેવેરમાં આવેલી લગભગ ૧૯ લાખ પાઉન્ડ એટલે કે ૨૨ કરોડ રૂપિયાની આસપાસની પ્રોપર્ટી સત્તાવાર રીતે વાડ્રાએ ખરીદી હોવાનું બતાવાયું છે. ઈન્કમટેક્સ વિભાગ અને ઈડીનું કહેવું છે કે, વાસ્તવમાં કોંગ્રેસ શાસનમાં વાડ્રાએ ભંડારીને કરેલી મદદના બદલામાં ભંડારીએ આ સંપત્તિ વાડ્રાને ભેટમાં આપી છે. આ સિવાય ૪૦ લાખ પાઉન્ડ એટલે કે લગભગ રૂપિયા ૪૫ કરોડની બીજી બે સંપત્તિ તેમજ ૫૦ લાખ પાઉન્ડ એટલે કે લગભગ રૂપિયા ૫૮ કરોડ રૂપિયાના બીજા છ ફ્લેટ વાડ્રાએ ભંડારી પાસેથી ૨૦૦૮થી ૨૦૧૦ના ગાળામાં લીધા હોવાનો સરકારી એજન્સીઓનો દાવો છે. આ પ્રોપર્ટીના મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈ.ડી.)એ વાડ્રા સામે ૨૦૧૮માં કેસ નોંધ્યો હતો. પછી ઈન્કમટેક્સ વિભાગે પણ કેસ નોંધ્યો પણ આ કેસમાં પણ કશું થયું નથી.

સંજય ભંડારી ઓફસેટ ઈન્ડિયા સોલ્યુશન્સ નામની કંપનીનો માલિક છે. સંરક્ષણ સોદાઓમાં દલાલી કરી ખાતા ભંડારીએ ૨૦૦૮માં એક લાખ રૂપિયાની મૂડીથી કંપની શરૂ કરેલી ને પછી અચાનક કરોડોમાં રમતો થઈ ગયો. ૨૦૦૯થી ૨૦૧૪ના ગાળામાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ભંડારીએ ૩૫ બોગસ કંપનીઓ બનાવીને કરોડોનાં કૌભાંડ કરેલાં. ભંડારીએ વાડ્રાને સાધીને અબજોની ખાયકી કરી હોવાના આક્ષેપ ભાજપ ૨૦૧૪મા સત્તામાં નહોતો આવ્યો ત્યારથી કરે છે પણ સતામાં આવ્યા પછી આ કેસોમાં કશું નક્કર પરિણામ નથી લાવી શક્યો. બલ્કે ૨૦૧૬માં ભાજપ શાસનમાં ભંડારીની કંપનીને રાફેલ જેટ ફાઈટર બનાવતી દાસો એવિએશન પાસેથી કોન્ટ્રાક્ટ મળ્યો છે. દાસો ભારતને ૩૮ કોમ્બેટ એરક્રાફ્ટ આપવાની છે. તેના પાટ્ર્સ ભંડારીની કંપની આપી રહી છે.

■■■

ભાજપ વાડ્રાનો મુદ્દો ૨૦૧૨થી ચગાવે છે.

૨૦૧૨માં હરિયાણા કેડરના આઈએએસ અધિકારી અશોક ખેમકાએ વાડ્રાની કંપનીને જમીન ટ્રાન્સફર રદ કરી ત્યારે વાડ્રા અચાનક લાઈમલાઈટમાં આવી ગયા હતા. ભાજપે ખેમકાને પ્રમાણિક અધિકારી ગણાવીને તેમની ટ્રાન્સફર સામે હોહા કરી મૂકેલી પણ પોતાની સત્તા આવી પછી ખેમકા સાથે એ જ વ્યવહાર કર્યો પણ વાડ્રાને સજા અપાવી નથી.

ડિસેમ્બર ૨૦૧૩માં રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી યોજાઈ ત્યારે ભાજપે રાજસ્થાનમાં વાડ્રાએ કરેલાં જમીનોનાં કૌભાંડના મુદ્દાને ચગાવ્યો હતો. આ વાતને ૧૨ વર્ષ થઈ ગયાં અને બે વાર ભાજપ સત્તામાં આવી ગયો પણ ભાજપે વાડ્રાનો વાળ સુધ્ધાં વાંકો કર્યો નથી. રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે વચન આપેલું કે, પોતે સત્તામાં આવશે તો વાડ્રાનાં ભ્રષ્ટાચારની તપાસ કરાવશે પણ ચૂંટણીમાં જીતતાં જ ભાજપ આખી વાતને ભૂલી ગયેલો.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે નરેન્દ્ર મોદી પોતે કોંગ્રેસ પર પ્રહારો કરવા રાહુલ ગાંધીના 'સૂટેડ બૂટેડ જીજાજી'ની વાત કરતા. ઉમા ભારતી તો ફોર્મમાં આવીને કહેતાં હતાં કે, આપણે ત્યાં ભ્રષ્ટ જમાઈઓને હાથીના પગ નીચે કચડીને મારી નાખવાની પ્રથા છે, અમે સત્તામાં આવીશું તો વાડ્રાની પણ એ જ હાલત કરીશું. મોદીએ પણ સત્તામાં આવતાં જ ભાજપ વાડ્રાને સજા કરાવશે એવું ગાજર લટકાવી દીધેલું.

લોકસભાની ચૂંટણી પતી એટલે ભાજપ વાડ્રાને ભૂલી ગયો. ભાજપ એ પછી વિધાનસભાઓની ચૂંટણી આવે કે ભીડમાં આવી પડે ત્યારે વાડ્રાને યાદ કરી લે છે પણ કોઈ નક્કર પગલાં લેતો નથી. આઘાતની વાત એ છે કે, વાડ્રા વિરૂદ્ધ નક્કર પુરાવા હોવા છતાં ભાજપ સરકાર કશું કરતી નથી. ૨૦૧૫માં દેશના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના અહેવાલમાં હરિયાણામાં કોંગ્રેસના ભૂપેન્દ્રસિંહ હુડ્ડાની સરકાર વખતે થયેલા જમીનોના સોદામાં બિલ્ડરોને લાભ ખટાવવા વાડ્રાની સ્કાયલાઈટ હોસ્પિટાલિટી સહિતની કંપનીઓને કઈ રીતે બેઉ હાથે ખેરાતો કરાયેલી તેનો ભાંડો ફોડાયો હતો. ભાજપ આ અહેવાલના આધારે વાડ્રાને ઉઠાવીને અંદર કરી શકે તેમ હતો પણ ૧૦ વર્ષમાં ભાજપે કશું કર્યું નથી. વાડ્રા સામે કોઈ કેસમાં ભાજપ સરકારે કશું કર્યું નથી એ જોતા વાડ્રાને સજા અપાવવામાં નહીં પણ મુદ્દાને સળગતો રાખવામાં રસ છે એવું લાગે છે. ■

sanjogpurti@gmail.com

# શેખપીપરીયામાં શિક્ષણનું ધામ.. શ્રી શિશુ મંદિર ટ્રસ્ટ






## સામાજિક અને શૈક્ષણિક

વિપુલ ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

શિક્ષણનું મુખ્ય કાર્ય સમાજના નાગરિકોને ઉત્તમ રીતે નિર્માણ કરી રાષ્ટ્રનિર્માણનો પાયો મજબૂત બનાવવો તે છે. સૌરાષ્ટ્રના હૃદય સમા અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં આવેલા શેખપીપરીયા ગામમાં શ્રી શિશુ મંદિર ટ્રસ્ટની સ્થાપના ૧૯૭૫ માં થઈ હતી. ટ્રસ્ટનો મુખ્ય હેતુ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવી, તે દ્વારા ગ્રામ્ય બાળકોને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર પ્રદાન કરવા માટે નિઃશુલ્ક રીતે શિક્ષણ આપવાનો છે. જ્ઞાનરૂપી ગંગા શેખપીપરીયા ગામમાં સ્થાપિત કરીને ગ્રામ્ય બાળકોને શૈક્ષણિક રીતે સમૃદ્ધ બનાવ્યા. બાળકોને અભ્યાસ થકી આર્થિક રીતે પગભર કરવા શૈક્ષણિક સંસ્થા દ્વારા વિવિધ આયામોને સાકાર કરવા આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

વિના સહકાર નહિ ઉદ્ધાર તેવા સેવાકીય પ્રકલ્પોને સિદ્ધ કરવા માટે વતનમાંથી સુરત હીરા ઉદ્યોગમાં સ્થાયી થયેલા લોકોના આર્થિક સહયોગથી તેમજ સ્વ. બાલુભાઈ દેવરાજભાઈ ભાદાણી, અક્ષરનિવાસી વિનુભાઈ ડાહ્યાભાઈ દેવાણી, પૂર્વ કૃષિમંત્રી બેચરભાઈ ભાદાણી તથા અન્ય શહેરમાં વસતા ગામવાસીઓના આર્થિક સહયોગથી હાઈસ્કૂલનું નિર્માણ ૧૯૯૮માં થયું છે અને તેના નિભાવ માટે સમસ્ત ગામ પરિવાર પણ સહયોગ આપી રહ્યું છે. ગામના પ્રબુદ્ધ અને બૌદ્ધિક જાગૃત સમાજના લોકો ગ્રામ્ય કક્ષાના બાળકોમાં શિક્ષણની જ્યોત વ્યાપક બને એવા ઉમદા આશયને ચરિતાર્થ કરવા માટે સતત આર્થિક અને સમયદાન થકી મદદરૂપ થયા છે.

શ્રી શિશુ મંદિર ટ્રસ્ટ, શેખપીપરીયા ગામમાં ટ્રસ્ટના નેજા હેઠળ વિવિધ શૈક્ષણિક સંકુલો કાર્યરત છે. જેમ કે સ્વ. સુશીલાબેન શંભુભાઈ કાછડીયા બાલમંદિર, શ્રીમતી એસ.બી. ભાદાણી પ્રાથમિક શાળા, સ્વ. કે.ડી. ભાદાણી હાઈસ્કૂલ અને આર.ડી. ભાદાણી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આ ટ્રસ્ટથી કાર્યરત છે. આ સંસ્થાઓના નિર્માણમાં ગામના અને ગામ બહાર રહેતા લોકોનો અનન્ય ફાળો છે.

આ સંસ્થાના સુચારુ સંચાલનમાં હાલના પ્રમુખ કલ્યાણભાઈનો હાઈસ્કૂલ નિર્માણમાં અનન્ય ફાળો છે. આજે તેના નિભાવ ખર્ચ માટે તન, મન, ધનથી તેઓ શિક્ષણ સેવા આપી રહ્યા છે. હાલના ટ્રસ્ટી અશોકભાઈ જે. ભાદાણી જે સંસ્થામાં વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમો તથા સંકલનની ઉમદા કામગીરી કરી રહ્યા છે તેમના માર્ગદર્શન હેઠળ આચાર્ય જીતેન્દ્રભાઈ એમ. ત્રિવેદી સાહેબ શાળાનો વહીવટ કુશળતાપૂર્વક કરવા માટે કટિબદ્ધ છે. આજે આ સંસ્થામાં બાલવાટિકાથી માંડીને ધોરણ ૧૨ સુધી અઢીસો જેટલા વિદ્યાર્થીઓ નિઃશુલ્ક અભ્યાસ કરી રહ્યા છે. બાળકો શિક્ષણ, સંસ્કાર, સભ્યતા અને બુનિયાદી શિક્ષણની કેળવણી પ્રાપ્ત કરી રહ્યા છે. શાળાનું આયોજન અને અમલીકરણ અસરકારક છે. આ સંસ્થા સ્વનિર્ભર છે. રાજ્ય સરકારનું કોઈ અનુદાન પ્રાપ્ત થતું નથી. તેમ છતાં લોકફાળા અને સમાજના દાતાઓના સહયોગથી નિઃશુલ્ક રીતે સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટને ટક્કર મારે તેવું આ સેલ્ફ ફાઈનાન્સ શ્રી શિશુમંદિર ટ્રસ્ટ, શૈક્ષણિક અને ભૌતિક સગવડ બાળકોને આપી રહ્યું છે. ઉત્તમ શિક્ષણ અને વિવિધ રચનાત્મક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી સંસ્થા ઉત્તમ રીતે ફૂલીફાલી છે.


ડો. બાબા સાહેબ આંબેડકરના શબ્દોમાં કહીએ તો એક શાળા શરૂ થાય છે ત્યારે એક જેલ બંધ થાય છે. આવા ઉમદા હેતુને સિદ્ધ કરતું શ્રી શિશુમંદિર ટ્રસ્ટ, કેળવણીની એક મિશાલ છે. આ ટ્રસ્ટ દ્વારા નૂતન કેળવણીના પ્રયોગો કરી બાળકોમાં બુનિયાદી શિક્ષણનો પાયો મજબૂત કરવા સતત પ્રયાસ કરે છે. ગ્રામ્ય બાળકોમાં સ્કીલ અને કૌશલ્ય બંને હોય છે. ત્યારે શિક્ષણ થકી જ નવો માર્ગ કંડારવાનું નૈતિક કાર્ય થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે પુસ્તકાલયમાં બાળકોને નિયમિત વાંચનનો અભિગમ કેળવાયો છે. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક પ્રવૃત્તિ નિયમિત થાય તે માટે લેબોરેટરીમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓ નિયમિત પોતાની કૃતિ રજૂ કરે છે. તેમને કારકિર્દી માર્ગદર્શન અને વ્યવસાયિક સમજ આપવામાં આવે છે. જેથી જેની જેવી ક્ષમતા તે આધારે તે ફિલ્ડમાં જઈ શકે. આ ગામના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ સંસ્થાના વિદ્યાર્થીઓને દત્તક લઈ એક વિદ્યાર્થી દીઠ ૬,૦૦૦ જેટલી માતબર રકમ સંસ્થા દ્વારા નક્કી કરી છે તે નિયમિત આપે છે. લોકફાળો એ લોકશિક્ષણનો પાયો છે.

ભારતના ભવિષ્યને મજબૂત બનાવવા શ્રી શિશુમંદિર ટ્રસ્ટ, શેખપીપરીયા ગામને ધન્યવાદ છે. વતનનું ઋણ ચૂકવવાનું આ ગામના લોકોએ નક્કી કર્યું છે. કોઠારી કમિશનને કહ્યું છે કે ભારતનું ભાવિ વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે ત્યારે તેને અસરકારક શિક્ષણ આપવાની જવાબદારી શિક્ષક મિત્રોની છે. આચાર્યના માર્ગદર્શન તેમજ અશોકભાઈ ભાદાણી જેવા કર્મયોગી અને પરોપકારી ટ્રસ્ટીના નેજા હેઠળ સંસ્થા શૈક્ષણિક વટવૃક્ષ બની રહી છે. આજે જે બાળકો અભ્યાસ કરે છે તે શેખપીપરીયાનું ભવિષ્ય છે. નિઃશુલ્ક વિદ્યાદાન એ સૌથી મોટું દાન છે. વેદો, ઉપનિષદો અને ધાર્મિક ગ્રંથોમાં સેવા પરમો ધર્મ છે. તેને ચરિતાર્થ કરતી શ્રી શિશુ મંદિર ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ શુભેચ્છાને પાત્ર છે.

મોરારીબાપુએ કહ્યું છે કે શિક્ષક અર્ક વાળો, તર્ક વાળો અને સતત સંપર્ક વાળો હોવો જોઈએ. ટ્રસ્ટીશીપના સિદ્ધાંતનું ટ્રસ્ટ દ્વારા અમલીકરણ થઈ રહ્યું છે ત્યારે સોનામાં સુગંધ ભળી છે. ડોંગરેજી મહારાજે કહ્યું છે કે બાળકોમાં ઈશ્વરનો અંશ હોય છે. તેને શિક્ષણ અને સંસ્કાર આપવાનું કામ શૈક્ષણિક સંસ્થાઓનું છે અને આ કામ શ્રી શિશુમંદિર ટ્રસ્ટ, શેખપીપરીયા ગામમાં થઈ રહ્યું છે તેનો નિજાનંદ સૌને છે. આ કામ માટે સૌને શુભેચ્છા પાઠવું છું. આવા જ શૈક્ષણિક અને કેળવણીના કાર્યો ઈશ્વરના ચોપડે નોંધાય છે. ■

Mo.9825702282

# યજ્ઞવિશેષ



## ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

કોઈએ કહ્યું છે કે ભારતની સંસ્કૃતિને કદાચ એક જ શબ્દમાં સમેટી લેવી હોય તો તે શબ્દ 'યજ્ઞ' હશે. ભગવાનને અપાતી પવિત્ર આહુતિઓ એટલે યજ્ઞ. યજ્ઞ એ મૂળ સંસ્કૃતની યજ ધાતુમાંથી બનેલો શબ્દ છે. જેનો અર્થ દાન, દેવપૂજન તથા આહુતિ થાય છે. યજ્ઞ માત્ર પોતાના એક માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે તમે કરી શકો છો. ભારતભૂમિ પર યજ્ઞનું પ્રચલન વૈદિક યુગથી જ ચાલ્યું આવે છે.

લોકો આજે ધર્મનું મહત્ત્વ અને તેની પાછળનું વિજ્ઞાન નથી સમજી શકતા, પરંતુ ખરેખર યજ્ઞનું પણ પોતાનું વૈજ્ઞાનિક મહત્ત્વ છે. જેમ અનાજના દાણાને માટીમાં ઉગાડવાથી બહુ બધો પાક આપણને મળે છે તેમ યજ્ઞમાં આહુતિમાં અપાતી વસ્તુ પણ અગ્નિમાં ભળીને સો ગણી વધુ શક્તિશાળી બની જાય છે, જેથી ઔષધ રૂપે તે મનુષ્ય સહિતનાં પ્રાણીઓનાં શરીરમાં સ્નાયુઓ, શ્વસનક્રિયા, પાચનક્રિયા, હાડકાં અને લોહીના પરિભ્રમણ દરેક ઉપર ખૂબ જ સકારાત્મક અસર ઊભી કરે છે. પુરાણોમાં કહેવાયું છે કે યજ્ઞ દ્વારા આયુષ્ય, આરોગ્ય, તેજસ્વિતા, વિદ્યા, યશ, પરાક્રમ, વંશવૃદ્ધિ, ધનપ્રાપ્તિ અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

હજીયે, યજ્ઞની આ સ્થૂળ વાત થઈ. યજ્ઞમાં થોડા ઊંડા ઉતરીએ. કહો કે આ વાતના યજ્ઞમાં આપણે જ હોમાઈએ ચાલો, બ્રહ્માંડમાં મારી સાથે ચાલો. બ્રહ્માંડમાં જે કંઈ થઈ રહ્યું છે તે પ્રકૃતિનો એક યજ્ઞ છે. સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ તે પણ પ્રકૃતિનો એક યજ્ઞ છે. બ્રહ્માંડમાં જે કંઈ પ્રગટ થઈ રહ્યું છે કે વિલીન થઈ રહ્યું છે તે તમામ બાબત પ્રકૃતિનો યજ્ઞ છે. પૃથ્વી પ્રલય પણ એક યજ્ઞ છે. બ્રહ્માંડ વિલય તે પણ એક યજ્ઞ છે. શાંતિ પણ એક યજ્ઞ છે અને યુદ્ધ પણ એક યજ્ઞ છે. યુદ્ધ તમે નથી કરતા પ્રકૃતિ તમારી પાસે કરાવી રહી છે. પ્રકૃતૈઃ ક્રિયમાણાની કર્માણી સર્વશઃ અહંકારવિમુઢાત્મા કર્તાહમીતિ મન્યતે... ( ગીતા).

સેક્સ અર્થાત પુરુષ તત્વ અને સ્ત્રી તત્વનું મૈથુન એ પણ એક યજ્ઞ છે. એમાં પણ કશુંક હોમવામાં આવે છે. જન્મ અને મૃત્યુ પણ યજ્ઞ છે. જન્મ વખતે જીવ ક્યાંકથી અહીં હોમાયો છે અને મૃત્યુ વખતે જીવ ક્યાંક હોમાય છે. તમે ભોજન લઈ રહ્યા છો તે પણ એક યજ્ઞ છે. તમે કશુંક જઠરાગ્નિમાં હોમી રહ્યા છો. શ્વાસ અને ઉચ્છવાસ બંને યજ્ઞ છે. શ્વાસ લેતી વખતે તમે હવાને તમારા શરીરમાં હોમી રહ્યા છો અને ઉચ્છવાસ વખતે તમે એ જ હવાને વાતાવરણમાં કે બ્રહ્માંડમાં હોમી રહ્યા છો. જગતમાં બધું જ યજ્ઞ છે. પ્રેમ યજ્ઞ છે, નફરત યજ્ઞ છે, દોસ્તી યજ્ઞ છે, દુશ્મની યજ્ઞ છે, યોગ યજ્ઞ છે, વિયોગ યજ્ઞ છે, ભાવ યજ્ઞ છે, વિભાવ યજ્ઞ છે, સુખ યજ્ઞ છે, દુઃખ યજ્ઞ છે, હજાર હજાર કરોડ કરોડ બાબત યજ્ઞ છે. સીમિત સીમિત બાબત યજ્ઞ છે, અનંત અનંત બાબત યજ્ઞ છે. હું યજ્ઞ છું, તું યજ્ઞ છે, તે યજ્ઞ છે, તેઓ યજ્ઞ છે. આ યજ્ઞ છે, એ યજ્ઞ છે. હું બોલી રહ્યો છું, તમે સાંભળી રહ્યા છો તે યજ્ઞ છે. હું લખું છું, તમે વાંચો છો તે યજ્ઞ છે. જગતમાં યજ્ઞ સિવાય બીજું કશું જ નથી.

અરે ખુદ ઈશ્વર પણ યજ્ઞ છે. ઈશ્વર કે ખુદા કે ગોડ કે જે કંઈ કહેવાય છે તે કશું નહોતું ત્યારે પણ જે કંઈ હતું તે યજ્ઞ છે. બિગ બેંગ પણ યજ્ઞ છે. પૃથ્વીના સર્જનહાર બ્રહ્માનું સર્જન થયું તે પણ યજ્ઞ છે. બ્રહ્માંડ ખુદ એક યજ્ઞ છે અને બ્રહ્માંડની સીમા પૂરી થાય છે ત્યાંથી જે કંઈ આગળ છે તે અનંતતા પણ યજ્ઞ છે. જે કંઈ છે તે બધું જ યજ્ઞ છે. એટલું જ નહીં, જે કંઈ નથી તે બધું પણ એક યજ્ઞ છે. ■

naranbaraiya277@gmail.com

# ગાયનું દૂધ હોય છે ગુણકારી



કામધેનુઃ કામ એટલે ઈચ્છા અને ધેનુ અટલે ગાય જે તમામ ઈચ્છા પૂર્ણ કરનારી હોય તેવી ગાયને કામધેનુ ગાય કહેવામાં આવે છે. કામધેનુ એટલે મનોવાંછિત ફળ આપનારી ઉત્તમ ગુણ સંપન્ન ગાય. પુરાણ કથા પ્રમાણે ૧૪ રત્નો નીકળ્યા તેમાનું એક રત્ન એટલે કામધેનુ ગાય. આપણે ત્યાં પશુપાલકો વધારે ગાય રાખતા હોય છે. શરૂઆતના સમયમાં લોકો દેશી ગાય રાખતા હતા જે ભારત દેશની ગાય છે, તે સૌથી ઉત્તમ છે. તેનું દૂધ સર્વોત્તમ છે, જે લોકો ગાયનું દૂધ પીતા હોય તેમણે આપણા દેશની જ ગાયનું દૂધ પીવું જોઈએ. કેમકે તેમાં સૂવર્ણ નળી આવેલી છે, જેથી આ ગાયનું દૂધ પીવાથી તમારી રોગપ્રતિકારક શક્તિ વધે છે, આના પર જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી જેવી અનેક યુનિવર્સીટીના વૈજ્ઞાનિકોએ અનેક સંશોધનો કરેલા છે, ઘણા પશુપાલકો વધારે કમાણી માટે હાઈબ્રીડ કે બ્રાઝીલની ગાયનું દૂધ વેચતા હોય છે. જેમાંથી કમાણી તો સારી થાય છે, પરંતુ ભારતીય ગાય સર્વોત્તમ છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા ભારતીય ગાયનું જ દૂધ પીવું સર્વોત્તમ છે. કોઈપણ રોગોને દૂર કરવા માટે બે માધ્યમ છે. દેવનું આરાધન અને દવા. આ બન્ને બાબતો પંચગવ્યમાં સમાયેલ છે. યજ્ઞ યાગાદિ સમસ્ત ધાર્મિક અનુષ્ઠાન યજમાન અને આચાર્ય દ્વારા પંચગવ્યનું પાન કર્યા પછી જ પ્રારંભ કરવામાં આવે છે. કારણકે, આપણી અસ્થિઓમાં પણ પ્રવેશી ગયેલ પાપોને પંચગવ્ય એવી રીતે નાશ કરી નાખે જેવી રીતે અગ્નિ લાકડાને બાળી નાખે છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

આ પ્રકારે આધ્યાત્મિક સંદર્ભમાં તો પંચગવ્યનો અત્યંત મહિમા છે. શારીરિક અને માનસિક રોગોને નિર્મૂળ કરી નાખવામાં તે અનુપમ છે. પંચગવ્યના ઘટક પદાર્થો, ૧) ગાયનું દૂધ ૨) ગાયના દૂધનું દહીં ૩) ગાયનું ઘી ૪) ગૌમુત્ર ૫) ગાયનું છાણ આ પાંચ વસ્તુઓ મળીને પંચગવ્ય કહેવાય છે. રોગ નિવારણ કરવામાં પંચગવ્યના ગુણોને વર્ણવતા આયુર્વેદના અનેક ગ્રંથો છે. ૧). ગાયનું દૂધઃ- ગાયનું દૂધ અત્યંત સ્વાદિષ્ટ, સ્નિગ્ધ, રૂચિકર, બળવર્ધક, બુધ્ધિ આપનાર, આંખોનું તેજ વધારનાર, સંતોષ આપનાર, વીર્યવર્ધક, શરીરનું તેજ વધારનાર અને ઉત્તમ રસાયણના રૂપમાં સ્વીકારવામાં આવેલ છે. તે સાથે તે રક્તપિત, અતિસાર, જૂનો તાવ, મનોવ્યથા, ક્ષય, હૃદયરોગ, હરસ, પાંડુરોગ તેમજ આંતરિક બળતરા વગેરે રોગોમાં ઔષધનું કાર્ય કરે છે. ધારોષ્ણ દૂધનું સેવન સર્વરોગ વિનાશક માનવામાં આવે છે. ગાયના દૂધમાં દસ ગુણ હોય છે. સૂર્યોદયના સમયે દોહેલું દૂધ, બપોરના સમયે દોહેલું દૂધ અને સંધ્યા સમયે દોહેલું દૂધ તેનો પ્રભાવ અલગ અલગ હોય છે. આ પ્રકારનું વિશ્લેષણ ભાવ પ્રકાશ નામના ગ્રંથમાં વિસ્તૃત રીતે આપેલ છે. આધુનિક વૈજ્ઞાનિકોએ પણ ગાયના દૂધમાં વિટામીન એ, બી, સી, ડી, ઈ તથા અન્ય પોષકતત્વો છે તેમ સ્વીકાર્યું છે. 'ગવા ક્ષીર રસાયનમ' એટલે કે ગાયનું દૂધ રસાયણ છે. ૨) દહીં – ગાયના દૂધમાંથી બનાવેલ દહીંના ગુણ આ પ્રમાણે વર્ણવાયેલ છે. જો કે ગાયનું દહીં સ્નિગ્ધ, મધુર, પાચનશક્તિ વધારનાર, બળવર્ધક, વાયુને હરનાર, પવિત્ર અને રૂચિકારક હોય છે. જોકે ગાયના દહીંને અનેક ભયાનક રોગોને જડમૂળથી ખતમ કરનાર માનવામાં આવ્યું છે. તો પણ ખાસ કરીને વાયુને કારણે થયેલા હરસ, ત્રિદોષ, પેશાબના રોગો, પાંડુરોગ, પેટનો દુઃખાવો, આધાશીશી અને આંતરિક બળતરા જેવા અતિશય કષ્ટપ્રદ રોગો માટે રામબાણ ઔષધિ છે એટલું જ નહીં મધ, માખણ, પીપરમેન્ટના ગંઠોડા, સુંઠ, મરી, વય અને સિંધાલુણ – સમાન માત્રામાં લઈ તેટલી જ માત્રામાં ગાયના દૂધમાંથી બનાવેલ દહીંમાં મિશ્રણ કરી દર્દીને પીવડાવવાથી સર્પનું ઝેર પણ ઉતરી જાય છે. ગાયના દહીંમાંથી બનાવેલી છાશનો તો મહિમા જ અનેરો છે. કહેવામાં આવે છે કે ગાયના દૂધના દહીંમાંથી બનાવેલ છાશ તો ઈન્દ્રને પણ દુર્લભ છે. ગાયના દહીંમાંથી બનાવાયેલ છાશનું સેવન કરવાથી પ્રમેહ, મેદસ્વીતા, સંગ્રહણી, અજીર્ણ, ભગંદર, વિષમ જ્વર, પેટમાં થતા કૃમિ, સોજો, અરૂચિ, પિતનો પ્રકોપ જેવા ભીષણ રોગોને નષ્ટ કરી રોગીને કાયમી આરોગ્ય આપે છે. ગાયના દહીંનું સેવન ઉનાળામાં અને વસંત ઋતુમાં ન કરવું જોઈએ. હેમંત, શિશિર અને વર્ષાઋતુમાં દહીં ખાવું તે ઉત્તમ મનાય છે. **(ક્રમશઃ)**

hemangidmehta@gmail.com

# બોસ, સરકારી ઓફિસોમાં ધક્કા ખાઈ ખાઈને થાકી ગયો છું



"બોસ, સરકારી ઓફિસોમાં ધક્કા ખાઈ ખાઈને થાકી ગયો છું. મારું એક કામ થતું નથી. આપણે ભરેલાં ટેક્સમાંથી પગાર ખાઈ ખાઈને જામી પડેલાં અધિકારીઓ મારું એક કામ કરવાં તૈયાર નથી."

"અરે..અરે બકા, તારે શા માટે ધક્કા ખાવા જોઈએ! સરકાર તમારા દ્વારે આવે છે. તમારે જ્યાં ત્યાં ધક્કા ખાવાની જરૂર જ નથી."

"સરકાર તમારા દ્વારે આવે છે. પણ, વ્હારે નથી આવતી. એનું શું? આવાં તો કેટ-કેટલાંય દ્વાર ખખડાવ્યા. પણ કોઈ સાંભળતું જ નથી. અને સાંભળે છે તો કરવું નથી."

"અરે પણ, તારે કામ શું છે?"

"મારે જાતિના પ્રમાણપત્રમાં સુધારો કરવો છે. એમણે ઈંગ્લિશમાં Sagar લખ્યું છે. મારે ગુજરાતીમાં સગર કરાવવું છે. પણ એ લોકો કરી આપવા તૈયાર જ નથી. કામ ધંધો છોડીને લાઈનમાં ઊભો રહું છું. વારો આવે એટલે નનૈયો ભણી દે છે."

"તો પછી, નવા ધારાસભ્યને કહેવાય ને !!"

"એ પણ કરી જોયું બોસ. એ રાજીનામું રાજીનામું રમે છે. એમાં દાખલો દાખલો કયારે રમે !?? અને આપણું વગર પૈસાનું કામ કરે 'ય કોણ ? ડેમ બાંધવા હોય, રોડ કરવાં હોય કે થીંગડા મારવાં હોય તો આગળ આવે. આપણી હામે કોણ જૂએ !??"



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"બકા, એક કામ કર. તારું કામ હવે ગુજરાતમાં નહીં થાય. તું બિહાર ચાલ્યો જા. તારું કામ ફડાકામાં થઈ જાહે."

"બિહારમાં? અને હું?? બોસ, જથ્થાબંધ બિહારીઓ ગુજરાતમાં આવે છે અને હું બિહારમાં જાઉં? તો તો મોદી સાહેબનું મતલબ! અત્યારે દાદાનું નાક કપાય ને."

"અરે, તારે ક્યાં મજૂરી કરવાં જાવું છે. તારે તો પ્રમાણપત્ર સુધારવા જાવું છે ને."

"ન્યાં આવું બધું કામ થઈ જાહે !?"

"અરે, તું ભુલે છે બકા, ન્યાં નિતીશકુમારનાય નકલી પ્રમાણપત્રો બન્યા છે અને આપણાં હનુમાનજીનાય પ્રમાણપત્રો બન્યા છે. અને ન્યાં હારી સાયકલ જોવા ના મળે ત્યાં આખીને આખી ટ્રેન, પાટા સહિત નવે નવી હાલતી કરી છે. આ બિહાર છે ભાઈ. અને એટલું જ નહીં, તું ગમે ત્યાંની ટ્રેન જૂએ. પણ, મોટે ભાગે કર્મચારી બિહારનાં જ હશે. કેમ ? સવાલ થાય છે તને ? ઘણાંયને થાય છે. પણ, આમાં 'ય હાથ બિહારીનો જ છે."

"ના ના ના બોસ, હાવ એવું ના હોય!! આવડી મોટી કેન્દ્ર સરકારની નોકરી કરતાં હોય તો ડિગ્રી તો હોય ને. વિદ્યાર્થી હોંશિયાર તો હોય ને."

"બકા, તારી જાણ માટે કહીં દઉં કે, ત્યાંની પરીક્ષા પધ્ધત્તિ જ વિદ્યાર્થીઓને હોંશિયાર ?(કાગળ ઉપર) બનાવે છે."

"તો પછી, આપણે ગુજરાતવાળાઓ આવું કેમ નથી કરતાં? "

"આપણે ત્યાં સીસીટીવી સામે પરીક્ષા લેવાય છે. અને ત્યાં સીસીટીવીથી કેમ બચવું ? એ પરીક્ષા દેવાય છે.

આપણે ત્યાં ચિઠ્ઠી ચપાટી પકડાય તો સુપરવિઝન કરતાં કર્મચારીને સસ્પેન્ડ કરી દેવાય છે. અને ત્યાં ચોરી કરાવવાં બીજે ત્રીજે માળે ય બારીમાં મધમાખીની જેમ માણસો લટકતાં હોય છે.

અને આવી પરીક્ષા આપ્યાં પછીય " જમીન દો, નોકરી લો." વાળી જાત જાતની સ્કિમો હાલતી હોય છે."

"ઓ..હો..હો. આવી જાત જાતની અને ભાત ભાતની સ્કિમ હાલતી હોય એમાં હું જઈને શું કરું? "

"તું સમજ્યો નહીં બકા. ન્યાં કાગળીયા કોઈ જોતું જ નથી. કાગળીયા એટલે પૈસા. આ એનો માપદંડ છે.

આવી એકાદ સ્કિમમાં તારે જોડાઈ જવાનું."

"તમેય તે બોસ શું, આવી હાવ ધકેલપંચા દોઢસો જેવી વાત કરો છો. સાવ આવું ક્યાંય હાલતું હશે ?"

"તું નઈ જ માને બકા, મને ખાતરી હતી. એટલે આ વખતે હું સબૂતનું લાવ લશ્કર લઈને આવ્યો છું.

આ..આ. તું જો, ફોટો બરોબર દેખાય છે? શાનો ફોટો છે?"

"હવે આ તો ટ્રેક્ટરનો ફોટો છે. ભલે, કંપની ઓળખાતી નથી. પણ, છે ટ્રેક્ટર જ."

"હવે તું કહે.., આવાં ટ્રેક્ટરને આપણે ત્યાં શું હોય?"

"એમની આર.સી. બુક હોય."

"હવે તું આ પ્રમાણપત્ર વાંચ."

રાજયઃ- બિહાર, સદરઃ- મુંગેર પ્રાંતીય કાર્યાલય.

નામઃ- સોનાલીકા ચૌધરી. પિતાનું નામઃ- બેગુસરાય ચૌધરી. માતાનું નામઃ- લલિયા દેવી. સરનામુઃ- ટ્રેક્ટર પુર, દિયારા. "અરે પણ, આ છે શું?? આમાં તો મોટી ગડમથલ છે." "આ ટ્રેક્ટરનું નિવાસ પ્રમાણપત્ર છે. કોઈકે નિવાસ પ્રમાણપત્ર બનાવવા અરજી કરી હતી. તો પ્રમાણપત્ર બનાવનારે આવું પ્રમાણપત્ર બનાવી પણ નાંખ્યું.હવે મને લાગે છે કે, આ જ ટ્રેક્ટરનું આધારકાર્ડ, રાશનકાર્ડ અને ચૂંટણીકાર્ડ પણ બની જાય તો નવાઈ નહીં..!!"

"બોસ, તો તો હવે મારો આવો નાનકડો સુધારો થઈ જ જાય ને !?? હવે મને ઈ કહો કે બિહારની બસ ક્યાંથી ઉપડે છે?"

"ગાંડાભાઈ! બિહાર બસ ના જાય. ત્યાં ટ્રેનમાં જાવું પડે. "

"તો મને જલ્દી ટ્રેનની ટિકિટ કરાવી આપો."

"બે મહિનાનું બુકિંગ ફુલ છે."

"એક કામ કરોને બોસ."

"શું કરું??"

"બિહાર છે. તો નકલી ટ્રેનની ટિકિટ કરાવી દો ને. એટલાં બધાંમાં કોણ ભાવ પુછવાનું છે."

kalubhaibhad123@gmail.com


# અદાકાર જે લગ્ન પ્રસંગને બનાવે છે યાદગાર

દરેક લગ્ન પ્રસંગ પોતપોતાની રીતે અનોખો જ હોય છે. તેમ છતાં કેટલીક ખાસ બાબતો કે જે દરેક લગ્નમાં એક જેવી જ હોય છે, જોકે દરેક આયોજનમાં એની મજા કંઈક અલગ અલગ જ હોય છે. લગ્ન પ્રસંગે અલગ અલગ વ્યક્તિત્વવાળા લોકોની પરસ્પરની ખેંચતાણ જ વાતાવરણને 'જીવંત' બનાવે છે. લગ્ન પ્રસંગમાં એવા એવા મજેદાર અને દિલચસ્પ લોકોની મુલાકાત થાય છે કે...વાત જ ન પૂછો... એવા દસ પાત્રો, કે જેમની ભૂમિકા ખૂબ જ ધ્યાનાકર્ષક રહે છે. આવો જાણીએ એ દસ પાત્રોને....

**મેડમ સુરીલી :** ભલે આજકાલ લગ્નોમાં ડીજેની બોલબાલા રહેતી હોય, પરંતુ પારંપારિક વર - વધૂના ફટાણા ગાવાનો એક અલગ જ અંદાજ હોય છે, કે તેના વગર સંગીતની મહેફિલ અધૂરી જ લાગે. એ જયાં પણ જાય ઢોલક કે ખંજરી કે પછી માઈક સંભાળી જ લે છે. એમની પાસે ગીતોની એક સાચવી રાખેલી ડાયરી પણ હોય છે, જેમાં પાને-પાને બુક માર્કની જેમ ફલેપ લગાડેલું હોય છે. દરેક ગીતના મુખડાની શરૂઆત એ કરે જયારે તે ગાઈને કંટાળે ત્યારે, ઊભી થઈને ઠુમકા લગાવી લે છે. વડીલ મહિલાઓ દસ-વીસની નોટોથી તેની નજર ઉતારે છે, જો કે એના વગર ગીત-સંગીતમાં મજા જ નથી આવતી, યજમાનની ગીત ફરમાઈશ પણ પૂરી કરવી પડે છે.



**ફલર્ટી ફોટોગ્રાફર :** લગ્નોમાં એક એવો ફોટોગ્રાફર અવશ્ય હોય છે, જે વર-વધૂના બદલે ખૂબસૂરત યુવતીઓની તસવીર લેવામાં વધુ દિલચસ્પી રાખે છે. યુવતીઓનું પણ આખું ધાડું તેની પાછળ ફોટા પડાવવા માટે ઘૂમી રહ્યું હોય છે. કેમ કે, એ જ દિવસે સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર પોતાના ફોટા પણ અપલોડ કરવાના હોય છે. યુવતીઓની સાથે તો ફોટોગ્રાફર મહાશય અતિ વિનમ્રતાથી વર્તે છે અને એમની બધી જ ફરમાઈશ પૂરી કરે છે, સારી તસવીર માટે પોઝ પણ ઉત્તમ હોવા જોઈએ. જો કોઈ યુવતી યોગ્ય પોઝ ન આપી શકે તો કાયદેસર એ તેની મદદ કરશે જ. પોતાના કામમાં બેહદ પરફેકટનિસ્ટ હોય છે. આવા ફોટોગ્રાફર જ્યાં સુધી કોઈ અંકલ તેમને શોધતાં - શોધતાં ત્યાં ન પહોંચે, ત્યાં સુધી તેમનું ફોટોસેશન પતતું હોતું નથી.



**બટકબોલી સાળીઓ :** કન્યાની નાની બહેનો અને સખીઓની એક ધમાકેદાર ગુલાબી ગેંગ દરેક લગ્ન પ્રસંગે ખૂબ મોજ-મસ્તીપૂર્વક જૂતાં છૂપાવવાની કવાયતમાં લાગેલી રહે છે. એમના આ ગ્રુપમાં પાંચથી માંડીને ૨૫ વર્ષ સુધીની કંઈ કેટલીય ખૂબસૂરત બાળાઓ નજરે પડે છે, આખી ટીમની નેતૃત્વની કમાન એક એવી વાકપટુ યુવતીના હાથમાં હોય છે, જેનામાં વરરાજાના ખિસ્સામાંથી પૈસા કઢાવવાની આવડત હોય, આમ, તો આ કામ બે મિનિટમાં પૂર્ણ થઈ શકે છે, પરંતુ વરરાજાના દોસ્તોને વિલંબ કરવામાં જ મજા આવે છે. એક સાથે આટલી બધી ખૂબસૂરત યુવતીઓ કયાં મળશે ભલા ? તેઓ વિચારતા હોય છે, શું ખબર, આમાંથી જ કોઈ એકની સાથે પોતાનું પણ સેટિંગ થઈ જાય. પૈસાનું આ બાર્ગેનિંગ ત્યાં સુધી ચાલે છે, જ્યાં સુધી કોઈ વડીલ આંટી આવીને યુવતીઓને વઢે નહીં, "અરે જલદી કરો, હજુ ઘણી વિધિ બાકી છે, લગ્નનું મુહૂર્ત નીકળી જશે....!"



**બ્યૂટીક્વિન ભાભી :** તમે પણ લગ્ન પ્રસંગોમાં કંઈક ખૂબ જ સજેલી-ધજેલી સ્ત્રીઓને અવશ્ય જોઈ જ હશે, જે હંમેશાં જ્વેલરી શોપની મેનિક્વિનની જેમ નજરે ચઢે છે. દર ત્રણેક કલાકે એ નવી-નવી સાડી અને જ્વેલરીમાં નજરે ચઢતી આ ભાભીઓ પાસે ઘણું બધું લગેજ હોય છે. લોકો જાનૈયાઓને જોવામાં મશગૂલ હોય છે, પરંતુ આ ભાભીઓને ગલતફહેમી હોય છે કે લોકો પોતાને જ જોઈ રહ્યા છે. એટલા માટે સંપૂર્ણ મેકઅપથી સજ્જ હોવા છતાં પણ પર્સમાંથી નાનો મિરર કાઢીને વારંવાર પોતાના મેકઅપને ફાઈનલ ટચ આપ્યા કરતી હોય છે. એમાં પર્સમાં આપને દરેક શેડની લિપસ્ટીક અને આઈ લાઈનર મળી રહેશે. એટલા માટે મોટાભાગની યુવતીઓ એમની આસપાસ ભમ્યા કરતી રહે છે છે, પોતાના સાજ-શૃંગારમાંથી એમને થોડી નવરાશ મળે તો તેઓ બીજી સ્ત્રીઓની હેરસ્ટાઈલ અને મેકઅપ સરખો કરવામાં પણ મદદ કરે છે.





જીવન તરંગ
જયસ્વી પટેલ

**પ્રો-એક્ટિવ હોસ્ટ :** દરેક લગ્ન પ્રસંગમાં વર કે કન્યાના પરિવારનું કોઈ ને કોઈ એવું યુવા સભ્ય હોય છે કે જે હંમેશા અતિ વ્યસ્ત દેખાઈ દે છે. કયારેક તે મહેમાનને રિસિવ કરવા જાય છે, તો કયારેક લોકોની ખાણી - પીણી પર ધ્યાન આપી રહ્યા હોય છે. મોટાભાગના લોકો એમને જ શોધતા રહેતા હોય છે. આખા લગ્ન મંડપમાં અને વાતાવરણમાં દરેક બાજુએ એમનું નામ જ સંભળાતું હોય છે, બધી જ અગત્યની ચાવીઓ આમની પાસે જ હોય છે, તેમણે પોતાની પાસે ઘણી બધી કેશ પણ સંભળાવવી પડે છે. એમના પોકેટમાં બે-ત્રણ મોબાઈલ તો હોય જ છે, જે લગાતાર આવતા-જતા જ રહે છે. જાન કેટલા વાગ્યે પહોંચશે ? એની પાક્કી ખબર આ વ્યક્તિને જ હોય છે, વ્યસ્તતાની વ્યસ્તતા તો એટલી હોય છે કે ન તો તેમને ખાવા-પીવાની ફુરસદ હોય છે કે ન તો કપડાં બદલાવવાની. આમ જોઈએ તો, આ વ્યક્તિ લગ્નની ઈવેન્ટના પીઆર મેનેજર હોય છે.




sanjogpurti@gmail.com

# ગીત મધુરાં ગાશું !



'ટેહૂક... ટેહૂક... ટેહૂક...' - ઘનઘોર વાદળાં જોઈ મોન્ટુ મોર ટહૂકવા લાગ્યો. હમણાં આવશે, હમણાં વરસશે એમ વિચારી મોન્ટુ હરખાતો હરખાતો થનગનાટ કરવા લાગ્યો. આમેય મોન્ટુને વરસાદ બહુ ગમતો. મોન્ટુના મીઠા ટહુકારથી આખુંય જંગલ ગૂંજી ઊઠ્યું. મોન્ટુનો ટહુકો સાંભળી ક્રેઝી કોયલને પણ મીઠાં ગીત ગાવાનું મન થયું. એણે પણ ગીત લલકાર્યું, 'કુહૂ... કુહૂ... કુહૂ...'

મોન્ટુનું 'ટેહૂક... ટેહૂક...' ને ક્રેઝીનું 'કુહૂ... કુહૂ...' જંગલમાં ચારેકોર શોરબકોર છવાઈ ગયો. મોન્ટુ અને ક્રેઝીનો અવાજ સાંભળી ચીકુ ચકલીને પણ ચાનક ચઢી. એ પણ 'ચીં... ચીં... ચીં...' કરવા લાગી. ઠેકડા મારતી જાય ને 'ચીં... ચીં... ચીં...' કરતી જાય. બધાંનું ગીત સાંભળી કયૂટ કાબર વિચારવા લાગી, 'આ મારી સખીઓ આજે કેમ ગીતડાં ગાતી હશે! લાવને હું પણ ગાઉં.' એમ વિચારતાં કયૂટ કોયલ પણ 'કલબલ કલબલ' ગાવા લાગી.



રે વાર્તા!
મનીષ સુથાર

ચીકુ ચકલીએ વિચાર્યું, 'બધાં ભેગાં મળીને ગીત ગાઈએ તો કેવી મજા પડે! લાવને બધાંને એક જગ્યાએ ભેગાં થવાનું કહી દઉં!' એમ વિચારી એણે બધાંને મેસેજ મોકલી દીધો. બધાંનો મોબાઈલ રણક્યો, 'ટીકટીક... ટીકટીક...' બધાંને ચીકુ ચકલીનો વિચાર ગમી ગયો. બધાં ઊડયાં ને પહોંચ્યાં મોટા ઘટાદાર વડલા નીચે.

મોન્ટુ આવ્યો, ક્રેઝી આવી, ચકુ ચકલી આવી ને કયૂટ કોયલ પણ આવી. ઘડીભરમાં વડલા નીચે પક્ષીઓની સભા ભરાઈ ગઈ. પિન્ટુ પોપટ તો સાથે ઢોલક પણ લઈ આવ્યો. થોડીવારમાં ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. પક્ષીઓને મજા પડી. મોન્ટુએ ગીત લલકાર્યું, 'ટેહૂક... ટેહૂક... ટેહૂક...' મોન્ટુ ગાતો જાય ને નાચતો જાય.

એક પછી એક બીજાં પક્ષીઓ પણ જોડાયાં. કલ્લુ કાગડો પણ ગાવા લાગ્યો, 'કા... કા... કા...' પિન્ટુ પોપટના ઢોલના તાલે સૌ ગાવા, કૂદવા ને નાચવા લાગ્યાં. એક બાજુ ઝરમર ઝરમર વરસાદ ને બીજું બાજુ પક્ષીઓનું મીઠું ગાન. 'ટેહૂક... ટેહૂક... ટેહૂક...', 'કુહૂ... કુહૂ... કુહૂ...', 'ચીં... ચીં... ચીં...', 'કલબલ કલબલ' ને 'કા... કા... કા...'. આખુંય જંગલ પક્ષીનાદથી ગૂંજી ઊઠ્યું.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "।. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ભાજપના આગેવાન પર દુષ્કર્મના આક્ષેપથી અમરેલી જિલ્લામાં ખળભળાટ

અમરેલી,તા.૨૨

અમદાવાદમાં રહેતી એક યુવતીએ બગસરા તાલુકા ભાજપના આગેવાન સામે દુષ્કર્મ અને હાઈબ્રીડ ગાંજાનો સપ્લાયર હોવાનો આક્ષેપ કરતા ગુજરાતના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. યુવતીએ ધારાસભ્યના પુત્ર સામે પણ ગાંજાનો સપ્લાયર હોવાનો ખાનગી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો છે. યુવતીએ ખાનગી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુંમાં ખુલાસો કર્યો હતો ભાજપના આગેવાન સાથે મારા પતિને મિત્રતા હતી. હું મારા પતિ સાથે રિસોર્ટમાં મોડલીંગ માટે ગયા હતા ત્યારે મારા પતિએ મિત્રતાને લીધે ભાજપના આગેવાનને પણ ગીર રિસોર્ટમાં બોલાવેલો હતો. મારા પતિ કામસર બહાર જતા તેણે મારા રૂમમાં આવી મોડલીંગને લગતી ચર્ચા કરી હતી અને કોલ્ડ્રીંક્સ આપ્યુ હતુ. જે પીધા પછી હું બેહોશ થઈ જતા મારી પર દુષ્કર્મ આચરી મારા નગ્ન ફોટા પાડી જો કોઈને આ વાત કરીશ તો વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ ભાજપના આગેવાને મને એવુ કહ્યું કે બેંગકોકમાં જ્વેલરી શો રૂમ માટે મોડલીંગમાં જવાનુ છે જેથી મને રોકડ રકમ પણ મોકલી હતી. આથી મારો પરિવાર બેંકકોક ગયો હતો અને બે દિવસ પછી તે બેંકકોક આવ્યો હતો અને મને બે બેગ આપી હતી અને કહ્યું હતુ કે આમાં સોનાના બિસ્કીટ છે ત્યાં મારો ડ્રાઈવર લઈ જશે. જેથી બે બેગ લઈને મારા પરિવાર સાથે અમદાવાદ પહોંચતા જ કસ્ટમ વિભાગે ભાજપના આગેવાને આપેલી બેગમાંથી ૧૯ કિલો ગાંજો ઝડપી લીધો હતો. આ બાબતે ધારાસભ્યના પુત્રએ મારી માતાને કહ્યું કે ચિંતા ન કરો. બીજી બેગમાં પણ ગાંજો હોવાથી આ બેગમાંથી ગાંજો લઈ મારો પતિ અને ભાજપના આગેવાન ગાંજો વેચવા ગયા હતા. જો કે પીડીતાએ સોગંદનામુ, વાતચીતનું ચેટીંગ, ઓડીયો કોલ સહિતના રેકોર્ડીંગ પણ મીડીયાને આપ્યા છે.

# અનુ. જાતિના નાગરિકોને ચાર યોજનામાં ઓછા વ્યાજ દરે ધિરાણ અપાશે

ગાંધીનગર,તા.૨૨

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા રાજ્યના અનુસૂચિત જાતિના નાગરિકોને સ્વરોજગારીની તકો આપવા માટે વિવિધ ચાર યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓ હેઠળ અનુ. જાતિના લાભાર્થીઓને પોતાનો વ્યાપાર-ધંધો શરૂ કરવા અથવા વાહન ખરીદવા માટે ઓછા વ્યાજ દરે ધિરાણ આપવામાં આવે છે. આ ધિરાણ યોજનાઓમાં લાભ મેળવવા ઈચ્છુક નાગરિકોએ આગામી તા. ૨૩ જુલાઈથી તા. ૧૭ ઓગષ્ટ સુધીમાં www.sje.gujarat.gov.in/gscdc પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માટે અનુસૂચિત જાતિના નાગરિકોને ધિરાણ આપવા માટે સ્વરોજગારલક્ષી યોજના, શ્રી વ્હીલરની યોજના, મારુતી સુઝુકી ઈકો યોજના તેમજ ટ્રેક્ટર અને યાંત્રિક સાધનો માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં સ્વરોજગારલક્ષી યોજના હેઠળ લાભાર્થીઓને રૂ. બે લાખ સુધીની મર્યાદામાં ધિરાણ આપવામાં આવે છે. જેમાં મહિલાઓ માટે ૧ ટકા અને પુરુષો માટે ૨ ટકા વ્યાજ દર નિયત કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ લાભાર્થીઓએ નિયત કરેલા ૬૦ માસિક હપ્તામાં ધિરાણની રકમની ચૂકવણી કરવાની રહેશે. આ ઉપરાંત વાહન માટેના ધિરાણની અન્ય ત્રણ યોજનાઓ - શ્રી વ્હીલરની યોજના, મારુતી સુઝુકી ઈકો યોજના તેમજ ટ્રેક્ટર અને યાંત્રિક સાધનો માટેની યોજના અંતર્ગત લાભાર્થીઓને ત્રણ ટકાના વ્યાજ દરે અનુક્રમે રૂ. ૩ લાખ, રૂ. ૬.૫૦ લાખ અને રૂ. ૭.૫૦ લાખની રકમનું ધિરાણ આપવામાં આવે છે. આ યોજના હેઠળ લાભાર્થીઓએ નિયત કરેલા ૯૬ માસિક હપ્તામાં ધિરાણની રકમની ચૂકવણી કરવાની રહેશે.

# ઉનામાં આધારકાર્ડ પર માત્ર બે થેલી ખાતર અપાતા ખેડૂતો પરેશાન

ઉના,તા.૨૨



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના અને ગીરગઢડા વિસ્તારના ખેડૂતો હાલ ખાતરની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે, જેના કારણે સવારથી જ ખાતરના ડેપો અને જંતુનાશક દવાની દુકાનો પર લાંબી કતારો જોવા મળી રહી છે. વર્તમાન સ્થિતિ મુજબ, એક આધારકાર્ડ પર માત્ર બે થેલી ખાતર ફાળવવામાં આવી રહ્યું છે, જે ખેડૂતોની વાસ્તવિક જરૂરિયાત, લગભગ ૧૦ થેલી, કરતાં ઘણી ઓછી છે. પરિસ્થિતિ વધુ ગંભીર એટલા માટે બની છે કે વિસ્તારમાં નહિવત વરસાદ થયો છે, અને ખેડૂતોને પાક માટે યુરિયા ખાતરની તાત્કાલિક જરૂરિયાત છે. પૂરતું ખાતર ન મળવાથી પાકને નુકસાન થવાની ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

# રાજસ્થાનના બિકાનેરમાં બે કાર વચ્ચે અકસ્માત: ૫ લોકોના મોત, ૪ ઘાયલ

જયપુર,તા.૨૨

રાજસ્થાનમાં હૃદયદ્રાવક અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે. સોમવારે મોડી રાત્રે બિકાનેર જિલ્લામાં થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા છે. ઉપરાંત, અકસ્માતમાં ૪ અન્ય લોકો પણ ઘાયલ થયા છે, જેમની સારવાર ચાલી રહી છે. પોલીસે મંગળવારે આ સમગ્ર અકસ્માતની માહિતી આપી હતી.



પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ અકસ્માત સોમવારે મોડી રાત્રે બિકાનેરમાં શીખવાલ વિસ્તારમાં થયો હતો. અહીં બે કાર સામસામે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા હતા અને ૪ અન્ય ઘાયલ થયા હતા. પોલીસે માહિતી આપી છે કે વાહનો વચ્ચેની ટક્કર એટલી ભયંકર હતી કે બંને કારને ભારે નુકસાન થયું હતું અને કારમાં સવાર એક કે બે લોકો બારીઓ તોડીને રસ્તા પર પડી ગયા હતા, જેના કારણે તેઓ ઘાયલ થયા હતા. રાજસ્થાનના બિકાનેરના શીખવાલ વિસ્તારમાં થયેલા ભયાનક અકસ્માતમાં મૃતકોની ઓળખ મનોજ જાખર, કરણ, સુરેન્દ્ર કુમાર, દિનેશ અને મદન સરન તરીકે થઈ છે.

# દુબઈથી સુરત આવેલી ફ્લાઈટમાંથી ૨૮ કિલો સોનાની પેસ્ટ સાથે બે મુસાફર ઝડપાયા

(એચ.એસ.એલ),સુરત,તા.૨૨

સુરત એરપોર્ટ પર તૈનાત સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સની વિજિલન્સ ટીમે સોનાની દાણચોરી પકડી પાડી છે. જેમાં સીઆઈએસએફએ સોનાની દાણચોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. સીઆઈએસએફની ટીમે દુબઈથી આવેલી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટના બે મુસાફરો પર કાર્યવાહી કરી છે. આ બે મુસાફરો પાસેથી ૨૮ કિલો સોનાની પેસ્ટ સીઆઈએસએફની ટીમે પકડી પાડી છે. જેમાંથી અંદાજે ૨૩ કિલો શુદ્ધ સોનું હોવાનું મનાય છે. જે જપ્ત કરવામાં આવ્યું છે. સીઆઈએસએફ ટીમની આ સતર્કતા અને સમયસરની કાર્યવાહીને કારણે સોનાની મોટાપાયે દાણચોરીનો એક મોટો પ્લાન નિષ્ફળ બન્યો છે. હાલ જપ્ત કરાયેલી સોનાની પેસ્ટ અંગે કસ્ટમ અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી છે.

# લીલીયામાં જીયોનું નેટવર્ક ત્રણ કલાક ઠપ્પ રહેતા ગ્રાહકોમાં રોષ

લીલીયા,તા.૨૨

લીલીયા મોટામાં બપોરના ૧૨:૪૫ વાગ્યાની આસપાસ Jio ઈન્ટરનેટનું નેટવર્ક ત્રણ કલાક સુધી ઠપ્પ થઈ ગયું હતું. આનાથી કિંમતી મોબાઈલ




ફોન ફક્ત રમકડાં બની રહ્યા હતા. નેટવર્ક ન હોવાને કારણે ઘણાં મહત્ત્વના કાર્યો, ફોન કૉલ્સ અને ઑનલાઈન પેમેન્ટ અટકી પડ્યા, જેનાથી ગ્રાહકોને ભારે મુશ્કેલી પડી હતી. થોડા દિવસો પહેલા પણ Jio નેટવર્કમાં આવી જ સમસ્યા આવી હતી. ઈન્ટરનેટ હવે લોકોના જીવનનો એક અભિન્ન અંગ બની ગયું હોવાથી, આવા વારંવારના નેટવર્ક પ્રોબ્લેમથી Jio ગ્રાહકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આશરે ત્રણ કલાક સુધી નેટવર્ક બંધ રહેવાથી ઘણાં જરૂરી કામો અટકી ગયા, જેના કારણે ગ્રાહકોમાં રોષ વ્યાપી ગયો હતો.


## CHANGE OF NAME

I Undersigh I ZALA VIRAJSINH MAHESHSINH have changed my name from ZALA VIRAJSINH MAHESHKUMAR To ZALA VIRAJSINH MAHESHSINH Now i will be known as ZALA VIRAJSINH MAHESHSINH

Sigh : ZALA VIRAJSINH MAHESHSINH

Address : 21/SHREEJI, RAMVADI, STREET-NO-4, CHAKKARGADH ROAD, AT-AMRELI-365601


# ભાવનગર-સોમનાથ કોસ્ટલ હાઈવેની ગુણવત્તા બાબતે અમરેલી કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

**ટીકુ વરૂ દ્વારા પુલ, પ્રીકાસ્ટ દિવાલો અને સી.સી. રોડની ગુણવત્તા શંકાસ્પદ હોવાની રજૂઆત; માનવ જાનહાનિની આશંકા વ્યક્ત કરાઈ**

અમરેલી, તા.૨૨

ભાવનગરથી સોમનાથ સુધીના કોસ્ટલ નેશનલ હાઈવે, જે અમરેલી જિલ્લામાંથી પસાર થાય છે, તેના નિર્માણ કાર્યમાં ગુણવત્તા શંકાસ્પદ હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ટીકુભાઈ વરુ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આ મામલે તાત્કાલિક તપાસ કરવા વિનંતી કરતો પત્ર લખવામાં આવ્યો છે. પત્રમાં જણાવાયું છે કે, જ્યાં રોડ બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, ત્યાંના નાના પુલિયા, બ્રિજ, સાઈડની પ્રીકાસ્ટ દિવાલો અને સી.સી. રોડની ગુણવત્તા શંકાસ્પદ જણાઈ રહી છે. કેટલીક જગ્યાએ તો રોડ ધરાશાયી થવાની પણ શક્યતા છે, જેને લીધે માનવ જાનહાનિની આશંકા નકારી શકાય તેમ નથી.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર.૧૩૮/૨૦૨૫

અરજદારશ્રી:- **શ્રી ગુલામઅબ્બાસ પ્યારઅલી રાજાણી**
સરનામું:- મુ.વીજપડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી
હાલ રહે. પ્રમુખ ફર્નીચરની બાજુની ગલી.
મુ.તા.રાજુલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- **જન્મ-મરણ નોંધણી અધિકારી,**
-વ-
ચીફ ઓફીસર - નગરપાલિકા,
તા.રાજુલા, જી.અમરેલી.

**::નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામેના શ્રી ગુલામઅબ્બાસ પ્યારઅલી રાજાણી એ તેમના પુત્રી શ્રી સૈયદાબાનુ ગુલામઅબ્બાસ રાજાણી નો જન્મ તા.૧૨/૦૬/૧૯૮૭ ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એમ.એમ.રાઠોડ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૬ માહે.૦૭ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ:- રાજુલા**
**તારીખ:- ૨૨/૦૭/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

અરજદારના વકીલશ્રી : એ.બી.શિયાળ

## -:: જાહેર નોટીસ ::-

**રાજુલાના મહેરબાન સેકન્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, મુકામ :- રાજુલા**

રેગ્યુ. દિવાની પરચુરણ અરજી નં. :૬૮/૨૦૨૪
મુદત તારીખ : ૧૬/૦૯/૨૦૨૫

અરજદાર :- લીંબાભાઈ વીરાભાઈ શિયાળ,
રહે.લુણસાપુર, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા નં. (૨) : સુંદરબેન ભુરાભાઈ બારૈયા
રહે. જાફરાબાદ, તા.જાફરાબાદ, જી. અમરેલી

આથી ઉપર લખ્યા સામાવાળા નં.૨ ને કાયદાથી કરેલ નિયત પ્રક્રિયા અનુસાર તમોને નોટીસ બજાવવાના પુરતા પ્રયત્નો કરવા છતા નોટીસ બજતી ન હોય, આથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે, અરજદારે તમારી સામે રેગ્યુ, દિવાની પરચુરણ અરજી **નં.૬૮/૨૦૨૪** થી સમય મર્યાદા અધિનીયમ ની કલમ -૫ અન્વયે વિલંબ માફની અરજી કરેલ છે. તેમજ તમારા વિરૂધ્ધ અરજદારે એક ત્રાહીત પક્ષકાર તરીકે જુનો રેગ્યુ. દિવાની મુકદમા નં.૧૩૪/૨૦૧૩ તથા (નવો રેગ્યુ. દિવાની મુકદમા નંબર ૧૦૮/૨૦૧૭) ના ટ્રાયલ કોર્ટના હુકમનામુ અને ફાઈનલ હુકમ થયા બાદ અપીલ કરવામા વિલંબ થયેલ હોય જેથી સદર અપીલ સેકન્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ કરેલ છે. વાસ્તે આ ઉપરથી તમોને ફરમાવવાનુ કે, તમારા સઘળા લેખિત પુરાવા રજુ કરવાની મુદત **તારીખ : ૧૬/૦૯/૨૦૨૫** ઠરાવવામાં આવેલ છે. તો મુકરર કરેલ દિવસે તમારા સઘળા લેખિત પુરાવા અને બચાવના આધારસહ જાતે અગર માહિતગાર કરેલ વકીલ મારફત બિનચૂક હાજર રહેશો.

આ ઉપરથી તમોને જાહેર નોટીસ આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરી ગણી અરજી સાંભળી, તેનો નીકાલ કરવામાં આવશે. વળી તમોને એવી પણ નોટીસ આપવામાં આવે છે કે, મુકરર કરેલી તારીખે હાજર રહેવામાં કસુર કરશો તો તમારા બચાવ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તારીખ :૧૯ માહે. : ૦૭ સને.: ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી, | સહી, | | સહી, |
| (એ.કે.મેવાડા) | (એમ.બી.ડોડીયા) | | ઈન્ચાર્જ રજિસ્ટ્રાર |
| આસીસ્ટન્ટ | ઈ.ચા.સુપ્રિટેન્ડન્ટ | | સેકન્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજુલા |

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૫૦/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. કાદરી નજમાબેન ઉસ્માનભાઈ વા.ઓ.સૈયદમુહમદ કાદરી
રહે. પાણીના દાર પાસે, મણીનગર, સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી નજમાબેન ઉસ્માનભાઈ કાદરીનો જન્મ તા.૦૬/૦૯/૧૯૮૭ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૯૫/૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ઝાખરા એહમદભાઈ કાશમભાઈ
રહે. સંધી ચોક, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,તા.સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ઝાખરા એહમદભાઈ કાશમભાઈનો જન્મ તા.૩૦/૦૪/૧૯૬૬ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર.૪૬/૨૦૨૪

અરજદારશ્રી:- **શ્રી અર્જુનભાઈ કનુભાઈ બોરીચા**
સરનામું:- મુ.વડ, તા.રાજુલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- **જન્મ-મરણ નોંધણી અધિકારી,**
-વ-
ચીફ ઓફીસર - નગરપાલિકા રાજુલા,
તા.રાજુલા, જી.અમરેલી.

**::નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વડ મુકામેના શ્રી અર્જુનભાઈ કનુભાઈ બોરીચા એ તેમના માતૃશ્રી સ્વ.પન્નાબેન કનુભાઈ બોરીચા નું મરણ તા.૨૩/૦૬/૨૦૦૫ ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.એ.વાળા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ..... માહે...સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ:- રાજુલા**
**તારીખ:- / /૨૦૨૫**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૩૫/૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. વાડદોરીયા ભાયલાલભાઈ નનુભાઈ
રહે. ૧૬૦, મારૂતીધામ સોસાયટી, ઓલપાડ, ઉમરગામ, સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-૧. તલાટી કમ મંત્રીશ્રી કરજાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી કાજલબેન ભાયાભાઈ વાડદોરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૪ ના રોજ મુ.કરજાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૯૪/૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. બલદાણીયા આતુભાઈ ચકુરભાઈ
રહે. ભેંકરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-૧. તલાટી કમ મંત્રીશ્રી ભેંકરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી વિભુતીઆતુભાઈ બલદાણીયાનો જન્મ તા.૧૨/૦૮/૨૦૦૬ ના રોજ મુ.ભેંકરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૪૫/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. સોજીત્રા અનિલભાઈ ખોડાભાઈ
રહે. ક્રિષ્ના કેમ્પસ પાસે, વ્રજ ચોક, સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી અનિલભાઈ ખોડાભાઈ સોજીત્રાનો જન્મ તા.૧૪/૦૨/૧૯૬૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૧/૨૦૨૫ તા.૧૯ /૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ભનુભાઈ પોપટભાઈ પાઘડાળ
રહે. મુ.સાકરપરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-૧. તલાટી કમ મંત્રીશ્રી સાકરપરા-મિતિયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ભનુભાઈ પોપટભાઈ પાઘડાળનો જન્મ તા.૨૦/૦૫/૧૯૭૩ ના રોજ મુ.સાકરપરા-મિતિયાળા, તા.સાવરકુંડલા જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## ઈન્કમટેક્ષના ઈન્વેસ્ટીગેશન વિભાગમાં અમરેલી જિલ્લો રડાર પર !!!

# અમરેલી જિલ્લામાં સરકારી નોકરીયાતોનો ટેક્સ બચાવવા ડોનેશનનો ખેલ?

### રાજકીય પાર્ટી, એનજીઓને ચેકના સ્વરૂપમાં દાન આપી રોકડ રકમમાં રૂપાંતર કરવાનો પેંતરો

મયુર પંડયા
અમરેલી,તા.૨૨




કેન્દ્રીય ઈન્કમટેક્ષના ઈન્વેસ્ટીગેશન વિભાગ દ્વારા રાજયમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે ત્યારે આધારભૂત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લામાં પણ ટેક્ષ બાચાવવા માટે ડોનેશનનો ખેલ ચાલી રહ્યો છે. જેથી અમરેલી જિલ્લો પણ ઈન્કમટેક્ષ વિભાગના રડાર પર છે. ઈન્વેસ્ટીગેશન વિભાગ ગમે ત્યારે રાજકીય પાર્ટી કે એનજીઓને આપેલ દાનની વિગતો શોધી દાન આપનાર અમુક શિક્ષકો કે અન્ય કોઈ સરકારી કર્મચારીઓની તપાસ શરૂ કરશે.




અમરેલી જિલ્લામાં અમુક શિક્ષકો કે અન્ય કેટલાક સરકારી નોકરિયાતો નાની રાજકીય પાર્ટીને રૂ.૫૦ હજારથી રૂ. ૫ લાખ સુધીનું ડોનેશન આપી રહ્યાં છે. જો કે રાજકીય પાર્ટીને આપવામાં આવતા દાન દ્વારા ટેકસચોરીનું મોટુ કૌભાંડ આચરવામાં આવતું હોવાનું આઈ.ટી. વિભાગને ધ્યાને આવ્યું છે. સીબીડીટીના આદેશથી બોગસ ટેકસ કલેઈમ થકી કરાતી કરચોરીના દુષણને અટકાવવા માટે આઈ.ટી. વિભાગ દ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

જો કે અમરેલી જિલ્લામાં હજુ આઈ.ટી. દ્વારા તપાસ શરૂ કરવામાં આવી નથી પરંતુ જો અમરેલી જિલ્લામાં તપાસ કરવામાં આવે તો અનેક શિક્ષકો કે અન્ય નોકરીયાતોનો ડોનેશન આપી રોકડમાં રૂપાંતર કરવામાં આવતો ખેલ બહાર આવી શકે છે. આ બાબતે ઈન્કમટેક્ષ વિભાગની નજર હવે અમરેલી જિલ્લા પર હોવાની ચર્ચા થઈ રહી છે. જેથી જો કોઈ નોકરીયાત ટેક્ષ કપાત બાબતે ડોનેશનનો ખેલ કરતા હશે તેની સામે ઈન્કમટેક્ષ વિભાગ તપાસ કરશે તેમ જાણવા મળ્યું છે.

#### મસમોટા પગાર છતાં ટેક્સ કપાત બચાવવાનો કારસો !!

અમરેલી જિલ્લામાં અમુક સરકારી નોકરીયાતોનો લાખો રૂપિયાનો પગાર છે. ત્યારે આટલા રૂપિયા પગાર હોવા છતાં ટેકસ કપાત બચાવવા માટે અમુક સરકારી નોકરીયાતો નાની રાજકીય પાર્ટી કે એનજીઓને દાન આપી કૌભાંડ આચરતા હોવાનું ખુલ્યું છે જેથી અમરેલી જિલ્લો આઈ.ટી.ના રડાર પર છે.

#### ચેકના સ્વરૂપમાં રકમ આપી કમિશન કાપી રોકડ રકમ પાછી લેવામાં આવે છે

અમરેલી જિલ્લામાંથી એક શિક્ષકે જણાવ્યું હતું કે નાની રાજકીય પાર્ટી કે એનજીઓને અમુક સરકારી નોકરિયાતો ચેકના સ્વરૂપમાં ૫૦ હજારથી પાંચ લાખ સુધીની રકમ દાનમાં આપે છે. જેથી રાજકીય પાર્ટી કે એનજીઓ એમાંથી પથી ૭% કમિશન કાપી ચેકમાં લીધેલી રકમને રોકડ રકમમાં રૂપાંતર કરી દાન આપનારને પરત કરે છે. દા.ત., જો કોઈ રાજકીય પાર્ટીને રૂા.પ લાખનું દાન આપે છે તો ૫% લેખે રાજકીય પાર્ટી દ્વારા ૨૫૦૦૦ રકમ કમિશન સ્વરૂપે લઈ બાકીની રૂા.૪,૭૫,૦૦૦ રકમ પરત આપવામાં આવે છે. જયારે રૂા.પાંચ લાખ દાનના રૂપમાં જ દેખાડતા હોય છે.

#### ટેક્સ કપાત બચાવવા માટે દાનનો મોટો ખેલ!

અમરેલી જિલ્લામાં ટેકસ કપાત બચાવવા માટે દાનનો મોટો ખેલ ચાલી રહ્યો છે. અમુક સરકારી નોકરીયાતો ટેકસ બચાવવા માટે નાની રાજકીય પાર્ટીને દાન કે એનજીઓને દાન આપે છે. જો કે દાન આપવાનો મુખ્ય હેતુ ટેકસ કપાત બચાવવાનો હોય છે.

#### ગોંડલ, ધોરાજી બાદ અમરેલી જિલ્લાનો વારો?

આઈ.ટી. વિભાગના ઈન્વેસ્ટીગેશન વિભાગ દ્વારા ગોંડલ, ધોરાજી સહિત રાજયના અનેક શહેરોમાંથી ડોનેશનનો ખેલ ઝડપી પાડ્યો છે. ધોરાજીમાંથી તો ૨૦૦ જેટલા શિક્ષકો ઝડપાયા હતા ત્યારે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લામાં પણ ડોનેશન આપી ટેકસ બચાવવાનો પ્રયાસ કરનારાઓની સંખ્યા ખુબ જ મોટી છે જેથી અમરેલી જિલ્લો આઈ.ટી.ના રડાર પર છે.

#### આઈ.ટી.વિભાગ રાજકીય પાર્ટી કે એનજીઓનું બેંક સ્ટેટમેન્ટ તપાસે તેવી સંભાવના

જાણવા મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લાના અમુક સરકારી નોકરીયાતો ટેકસ કપાત બચાવવા માટે દાનનો ખેલ રમી રહ્યાં છે ત્યારે આઈ.ટી.વિભાગ રાજકીય પાર્ટી કે એનજીઓનું બેંક સ્ટેટમેન્ટ તપાસે તેવી સંભાવના સેવાઈ રહી છે. જો બેંક સ્ટેટમેન્ટ તપાસવામાં આવશે તો અમુક સરકારી નોકરિયાતોની મુશ્કેલીમાં વધારો થશે તેવું લાગી રહ્યું છે.

#### ડોનેશન આપી રોકડમાં રૂપાંતર કરી નાણાં પાછા લેવા ગેરકાયદેસર

અમરેલી જિલ્લામાં અમુક સરકારી નોકરીયાતો ટેકસ બચાવવા માટે નાની રાજકીય પાર્ટીને દાન આપતા હોય છે અને તેનું રોકડમાં રૂપાંતર કરી નાણાં પાછા લેતા હોય છે. આ અંગે આઈ.ટી.ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, રોકડમાં નાણા પાછા લેવા ગેરકાયદેસર છે અને આ ટેકસ ચોરીની યાદીમાં જ આવે જેથી આવા લોકો સામે આઈ.ટી. વિભાગ કડક કાર્યવાહી કરી શકે.

## સીજીએસટી વિભાગ દ્વારા ૪૩ નવા નિમાયેલા ઈન્સ્પેક્ટરોની મહાનગરોમાં બદલી, અમદાવાદમાં ૨૯ સુપરિન્ટેન્ડેન્ટ બદલાયા

અમદાવાદ,તા.૨૨

સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગમાં તાજેતરમાં થયેલી અધિકારીઓની મોટા પાયે બદલીઓએ ડિપાર્ટમેન્ટમાં ચર્ચાનો માહોલ ઊભો કર્યો છે. સીજીએસટી વિભાગ દ્વારા ૪૩ નવા નિમાયેલા ઈન્સ્પેક્ટરોની મહાનગરોમાં બદલી કરવામાં આવી છે, જ્યારે અમદાવાદમાં ૨૯ સુપરિન્ટેન્ડેન્ટની એકસાથે બદલીના આદેશ જારી થયા છે. આ ઉપરાંત, ત્રણ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલી પણ કરવામાં આવી છે, જેના કારણે વિભાગમાં આંતરિક ચર્ચાઓ તેજ બની છે. સીજીએસટી વિભાગે તાજેતરમાં સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા નિમણૂક પામેલા ૪૩ નવા ઈન્સ્પેક્ટરોની બદલી મહાનગરોમાં કરી છે. આ બદલીઓનો ઉદ્દેશ્ય મહાનગરોમાં




જીએસટીના અમલીકરણને વધુ મજબૂત કરવાનો અને વહીવટી કાર્યક્ષમતા વધારવાનો હોવાનું મનાય છે. આ નવા ઈન્સ્પેક્ટરોને મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ જેવા મોટા શહેરોમાં મોકલવામાં આવ્યા છે, જ્યાં જીએસટી સંબંધિત કામગીરીનું પ્રમાણ વધુ છે. આ પગલું વિભાગની કાર્યપ્રણાલીને વધુ સુચારુ બનાવવા અને નવા અધિકારીઓને મહાનગરોના જટિલ વાતાવરણમાં અનુભવ મેળવવાની તક આપવા માટે લેવાયું હોવાનું જાણવા મળે છે.

## વડોદરામાં આર્થિક તંગીથી કંટાળી પરિવારના પાંચ સભ્યોએ આપઘાતનો પ્રયાસ કરતા ખળભળાટ

વડોદરા,તા.૨૨

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રાજદીપ સોસાયટીમાં રહેતા એક પરિવારે સાથે મળીને ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તેમને ઉલટી થવા લાગી હતી અને તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જવાહર નગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એન. પરમારે જણાવ્યું હતું કે પરિવાર સાથે આપઘાતનો પ્રયાસ કરનાર સુભાષભાઈનો નંદેસરી જીઆઈડીસીમાં પેટ્રોલ પંપ છે. તેમના પેટ્રોલ પંપ પર ૬ કરોડ રૂપિયાનું દેવું છે. તેમણે બેંકમાંથી લોન લીધી છે



અને સંબંધીઓ પાસેથી પણ પૈસા ઉધાર લીધા છે. આ તમામ લોકોના નિવેદનો પણ લેવામાં આવ્યા છે. સયાજી હોસ્પિટલના રેકોર્ડ મુજબ, ગોરવા જલાનંદ ટાઉનશીપ નજીક રાજદીપ સોસાયટીમાં ૫૨ વર્ષીય પતિ, તેમની ૪૯ વર્ષીય પત્ની, ૨૩ વર્ષીય પુત્ર, ૧૭ વર્ષની પુત્રી અને ૫ વર્ષનો પુત્ર રહે છે. ગઈકાલે બપોરે આખો પરિવાર ઘરે ભેગા થયો હતો. ચા-પાણી પીધા પછી, કોઈ કારણોસર બધાએ ઝેરી દવા પીધી. જેના કારણે બધાને ઉલટી થવા લાગી. જ્યારે બાજુના પડોશીને આ વાતની ખબર પડી, ત્યારે તે તેમના ઘરે આવ્યો. આ પછી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી અને બધાને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

## સુરતના માંગરોળ પંથકમાં ૬ વર્ષની બાળકીને કૂતરાએ ફાડી ખાતા અરેરાટી

સુરત,તા.૨૨

સુરત જિલ્લામાં રખડતા કૂતરાઓનો આતંક યથાવત છે. માંગરોળ તાલુકાના કોસાડી ગામે વધુ એક માસૂમ બાળકી કૂતરાઓના હુમલાનો ભોગ બની છે. કોસાડી ગામે બાળવાટિકામાં શૌચાલય ગયેલી ૬ વર્ષની શિવાંગી સતીશ વસાવા નામની બાળકીને ત્રણ રખડતા કૂતરાઓએ ફાડી ખાધી હતી. ગંભીર રીતે ઘવાયેલી બાળકીને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નિપજ્યું હતું. આ ઘટનાથી સમગ્ર કોસાડી ગામ અને બાળકીના શ્રમજીવી પરિવારમાં શોકનો માહોલ છવાતાં વાતાવરણ ગમગીન બન્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, સતીશ વસાવાની ૬ વર્ષીય દીકરી શિવાંગી કોસાડી ગામની બાળવાટિકામાં અભ્યાસ કરતી હતી. ૨૨ જુલાઈના રોજ શૌચાલય જવા માટે બાળવાટિકા પરિસરમાં જ એકલી ગઈ હતી, ત્યારે અચાનક ત્રણ રખડતા કૂતરાઓએ તેના પર હુમલો કરી દીધો હતો. કૂતરાઓએ બાળકીને ગંભીર રીતે ફાડી ખાધી હતી. બાળકીની ચીસો સાંભળીને શાળા નજીકથી પસાર થઈ રહેલા એક યુવક જોઈ ગયો હતો અને તાત્કાલિક મદદે દોડી ગયો હતો.

## કડીમાં કેનેડાથી આવેલી પરિણીતાએ નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કર્યો

મહેસાણા,તા.૨૨

કડી તાલુકાના રંગપુરડા ગામ પાસે આવેલી નર્મદા કેનાલમાં છલાંગ લગાવીને ૨૫ વર્ષીય પરિણીતાએ જીવન ટૂંકાવી લીધું છે. આ યુવતી નિમિષા પટેલનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં યુવતીએ માનસિક બીમારીથી કંટાળીને આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ યુવતી ત્રણ મહિના પહેલા જ કેનેડાથી પરત આવી હતી. કડીના રંગપુરડા ગામની નિમિષાબેન મયુરકુમાર પટેલ નામની ૨૫ વર્ષીય પરિણીત યુવતી ઘરેથી ચાલતા નીકળી જઈ રંગપુરડા નજીક કેનાલમાં ઝંપલાવી દીધું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવતીના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, નિમિષા ત્રણ મહિના પહેલા જ કેનેડાથી વતન રંગપુરડા આવી હતી. પરિવારજનોના જણાવ્યા અનુસાર, તે લાંબા સમયથી માનસિક બીમારીથી પીડાઈ રહી હતી અને તેનાથી કંટાળીને તેમણે આ પગલું ભર્યું હોવાનું મનાય છે.

## વિદ્યા સહાયક ભરતીને લઈ OBC-SC ઉમેદવારોનું ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન

ગાંધીનગર,તા.૨૨

રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૧થી ૫માં ચાલી રહેલી ૫૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી પ્રક્રિયામાં OBC અને SC કેટેગરીના ઉમેદવારોએ રેલી કાઢી વિરોધ પ્રદર્શન કર્યું છે. ત્રીજા તબક્કાના મેરિટમાં જનરલ કેટેગરીનું કટ ઓફ ૫૧.૯૫ છે, જ્યારે SEBC અને SC કેટેગરીનું કટ ઓફ અનુક્રમે ૬૮.૮૮ અને




૬૭.૭૪ છે. ૫૦૦૦ની ભરતીમાં સાયન્સની ૪૯૮ સીટો બાદ કરતા ૪૫૦૨ જગ્યાઓ માટે કેટેગરી વાઈઝ આવંટન કરવામાં આવ્યું છે. ૨૦ જિલ્લાઓમાં OBCની એક પણ સીટ ફાળવવામાં આવી નથી. જનરલ, EWS અને ST કેટેગરીના તમામ ઉમેદવારોની નિમણૂક થઈ ગઈ છે. આમ છતાં ૬૫૭ જગ્યાઓ વધારાની રહી છે.







